વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૧૦, અંક : ૯, સપ્ટેમ્બર - ૨૦૧૯



વડતાલ લીંબતરુ નીચે વચનામૃત રસપાન કરાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ

## વડતાલધામને આંગણે આવી રહ્યો છે......

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત વચનામૃત મહાગ્રંથનો દ્વિશતાબ્દી મહોત્સવ. આવો સાથે મળીને ઉજવીએ...



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ

કાર્તિકી સમૈયા પ્રસંગે

વડતાલધામને આંગણે

# શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ

સં. ૧૮૭૬-૨૦૭૬

તા. ૦૬ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯ વડતાલધામ

કારતક સુદ નોમ થી પૂનમ

**દિવ્ય ભવ્ય પ્રદર્શન**

તા. ૨૫-૧૦-૨૦૧૯ થી ૧૨-૧૧-૨૦૧૯
ધનતેરશ થી પૂનમ

**શ્રી સ્વામિનારાયણ સમૂહ સત્સંગ શિબિર**

તા. ૨૬-૧૦-૨૦૧૯ થી ૧-૧૧-૨૦૧૯
તેરશ થી લાભપાંચમ

:: સ્થળ ::

શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ, તા. નડીયાદ, જી. ખેડા.



**આફ્રીકા - કેન્યા-નૈરોબી-કેરીચો** મુકામે સત્સંગ વિચરણ - સભા- પધરામણીમાં લાભ આપતાં ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી તથા પૂ.સંતો સાથે કે.કે. વરસાણી, કાંતીભાઈ વગેરે ભક્તો. તા.૩ થી ૧૪/૮/૨૦૧૯



**વડતાલધામ** મુકામે **૩૯ મી રવિસભા** તથા વડતાલ મંદિર દ્વારા ઓસ્ટ્રેલિયા સત્સંગ યાત્રાએ પધારતા પૂ.હરિસ્વરૂપ સ્વામી - અમરેલી, પૂ.દિવ્યસ્વરૂપ સ્વામી - આટકોટને વિદાય આપતાં પૂ. બ્રહ્મસ્વરૂપસ્વામી વગેરે પૂ.સંતો-ભક્તો. તા.૪/૮/૨૦૧૯



**સારંગપુરધામ** મુકામે પ.પૂ.કો.શ્રી વિષ્ણુપ્રકાશદાસજી સ્વામી દ્વારા આયોજીત પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શ્રી કષ્ટજનદેવ હનુમાનજી મહારાજને **ફ્રૂટ, ડ્રાયફ્રૂટ, ચોકલેટ, મીઠાઈઓના ભવ્ય અન્નકૂટ**નાં દિવ્ય દર્શન. તા.૩ થી ૨૪/૮/૨૦૧૯



**ઓસ્ટ્રેલીયા** મુકામે વડતાલધામ સીડની, મેર્લબોન, બ્રિસબેન વગેરે મંદિરોમાં સત્સંગ સભા, પધરામણીનો લાભ આપતાં પૂ.હરિસ્વરૂપ સ્વામી-અમરેલી, પૂ.દિવ્યસાગર સ્વામી - આટકોટ. તા. ૮/૮ થી ૨૦/૯/૨૦૧૯



**વડતાલધામ** મુકામે પવિત્ર શ્રાવણમાસ નિમીત્તે ફ્રૂટોત્સવ.તા.૧૫/૮/૨૦૧૯



**વડતાલધામ** મુકામે પવિત્ર શ્રાવણમાસ અંતર્ગત જોળ-મેઘવા સત્સંગ સમાજ દ્વારા કેળા ઉત્સવ.તા.૧૮/૮/૨૦૧૯



**વડતાલધામ** મુકામે રક્ષાબંધન પર્વ.૧૫/૮/૨૦૧૯



**વડતાલધામ** મુકામે સંતોના વંડામાં નૂતન નિર્માણ થઈ રહેલ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર.











**શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ** ઉપક્રમે **વડતાલધામ** મુકામે **વચનામૃત પર્વ - ૯**, પ્રસંગે ઉપસ્થિત
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી પૂ.પુરૂષોત્તમપ્રકાશ સ્વામી-રામપુરા સુરત એવં પૂ.સંતો-ભક્તો.તા.૧૫/૮/૨૦૧૯.





**સારંગપુર** મુકામે પૂ.વિવેકસાગર સ્વામી દ્વારા આયોજીત **ભવ્ય જન્માષ્ટમી મહોત્સવ**.૨૪/૮/૨૦૧૯




**જમ્મુ કાશ્મીર**ના પ્રશ્નનું નિવારણ કરી સૌ પ્રથમ વખત ગુજરાત પધારેલા ભારતના ગૃહમંત્રી તેમજ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ **શ્રી અમિતભાઈ શાહ**ને શુભેચ્છા
પાઠવાતા તેમજ આગામી સમયમાં આયોજીત વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે પધારવા આમંત્રણ આપતા એસજીવીપી ગુરુકુલ પરિવાર તેમજ સ્વામિનારાયણ
સંપ્રદાય વતી સદ્‌ગુરૂ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સુપ્રસિદ્ધ વડતાલ સ્વામિનારાયણ મંદિરના આ.કો.શ્રી સંતવલ્લભદાસજી સ્વામી.તા.૨૯/૮/૨૦૧૯





**પ.પૂ.સ.ગુ.શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ** દ્વારા વિશ્વમાં સૌ પ્રથમવાર હિન્દુ સંસ્કૃતિનાં સાહિત્યની જાળવણી માટે સાહિત્ય ક્ષેત્રે અદ્‌ભૂત કાર્યની
નોંધ સાથે **"ઈન્ડીયા બુક ઓફ રેકર્ડ"** અને **"એશિયા બુક ઓફ રેકર્ડ"** દ્વારા શ્રી હરિચરિત્રામૃત સાગર ગ્રંથને ટાઈટેનીયમ ધાતુમાં અંકિત કરવા બદલ
પૂ.સ્વામીને **"લાર્જેસ્ટ હિન્દી મેન્યુસ્ક્રીપ્ટ એન્ગ્રેવ્ડ ઓન ટાઈટેનિયમ શીટ એવોર્ડ"** આપીને સન્માનિત કરવામાં આવ્યાં.
આ વર્લ્ડ રેકર્ડનું પ્રમાણપત્ર અર્પણ કરતાં પ.પૂ.સ.ગુ.શ્રી ધર્મપ્રિયદાસજી સ્વામી (બાપુ સ્વામી), પ.પૂ.સ.ગુ.શ્રી નિલકંઠચરણદાસજી સ્વામી.





**વડતાલધામ** મુકામે **રવિસભા - ૪૦** પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.સંતવલ્લભ સ્વામી, પૂ.બ્રહ્મસ્વરૂપ સ્વામી, યજમાન પરિવાર તથા ભક્તજનો. તા.૧/૯/૨૦૧૯





**વડતાલધામ** મુકામે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે **સ્વયંસેવક સભા- મીટીંગ.** તા.૧૪/૯/૨૦૧૯







**વડતાલધામ** મુકામે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવની પૂરજોશમાં ચાલતી પૂર્વ તૈયારીમાં જોડાયેલા પૂ.સંતો-ભક્તો. તા.૧૯/૯/૨૦૧૯






**વડતાલધામ**ની આસપાસ આવેલ ગામડાઓમાં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે **વૃક્ષારોપણ** કરતાં પૂ. મુનિવલ્લભ સ્વામી વગેરે પૂ.સંતો એવં સ્વયંસેવકો. તા.૧૯/૯/૨૦૧૯

# વડતાલધામ મુકામે દિવ્ય ભવ્ય જલઝીલણી મહોત્સવ - ૯/૯/૨૦૧૯



Web Site :
www.vadtalmandir.org

E-mail address :
vadtaldhamvikas@gmail.com

## Subscription

(india)

| | |
|---|---|
| 5 Year | ₹. 250/- |
| 20 Year- | ₹. 500/ |

For Other Countries

| | |
|---|---|
| (airmail) | ₹. 6750/- |

Year - 10
Volume -9
September - 2019



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# Shree Vadtaldham Satsang

## અનુક્રમણિકા


૧. એક મહા મહોત્સવની આપણી સંકલ્પના
પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૮

૨. વચનામૃતમાં સત્ શાસ્ત્ર સંદર્ભ
લેખક : પ્રો. હરેન્દ્રભટ્ટ , વિદ્યાનગર ૧૦

૩. સત્સંગ સમાચાર
સંકલન - સાધુ શ્યામવલ્લભદાસ - વડતાલ ૩૧

૪. વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનું સત્સંગ વિચરણ ૫૩

૫. સંપ્રદાયના આગામી કાર્યક્રમ ૫૩



**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Shree Ghanshyamprakashdasji Swami Guru Kothari Shri Nandkishordasji Swami **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda,

# વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ

# એક મહા મહોત્સવની આપણી સંકલ્પના

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી - વડતાલધામ

## વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ વડતાલધામને આંગણે કાર્તિકી સમૈયામાં, તા.૬ નવેમ્બર થી ૧૨ નવેમ્બર, ૨૦૧૯ દરમિયાન ઉજવાનાર છે. એ મહોત્સવના ઉપક્રમે વચનામૃત સંદર્ભે વાત કરવી છે.

વચનામૃત એ ભગવાન સ્વામિનારાયણની પરાવાણી છે. એમણે આપણી ઉપર કૃપા કરીને સંપ્રદાયનાં જુદાં જુદાં સ્થાનો જેવાં કે ગઢપુર, સારંગપુર, કારિયાણી, પંચાળા, લોયા, વડતાલ અને અમદાવાદ આદિક સ્થાનોમાં વચનામૃત કહ્યાં છે. એની પાછળ બહુ ગહન અર્થો રહેલા છે. સંપ્રદાયનું સાચું જ્ઞાન જો કોઈ હરિભક્તોને પ્રાપ્ત કરવું હોય તો તેને વચનામૃતનું પાન કર્યા વિના છૂટકો નથી. બીજું હકારાત્મક અભિગમથી, નિષ્કામભાવથી નિષ્ઠાપુર્વક જ્યારે કોઈ હરિભક્ત વચનામૃત વાંચે છે ત્યારે જ એને સાચા અર્થમાં ભગવાન સ્વામિનારાયણની વાત સમજાય છે.

આપણો વચનામૃત ઉત્સવ કરવા પાછળનો જે મૂળભૂત હેતુ છે, એની જે ફલશ્રુતિ છે એ એવા પ્રકારની છે કે શ્રીજી મહારાજે બહુ દાખડો કરીને આ વચનામૃતો જે તે સ્થાનોમાં આજથી લગભગ બસો વર્ષ પૂર્વે કહ્યાં. એ સમયના કાઠિયાવાડ અને ગુજરાતમાં વસતા ભક્તોને વેદોના અર્થ સરળ રીતે સમજાય એવો પ્રયત્ન શ્રીજી મહારાજે કર્યો છે.

શ્રીજી મહારાજને સંપ્રદાય સ્થાપનનું મુખ્ય કાર્ય કરવાનું હતું. અનેક જીવોના કલ્યાણનું કાર્ય કરવાનું હતું. એના માટે શ્રીજી મહારાજે વચનામૃતો કહ્યાં છે. સંપ્રદાયના ચાર સંતો-મુક્તાનંદ સ્વામી,ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકમુનિએ આ વચનામૃતો સંગ્રહી આપ્યાં છે. અને આપણે ભાગ્યાશાળી છીએ કે આજે બસો વર્ષ પછી પણ આપણી પાસે વચનામૃતોની અસલ પ્રતો યથાવત છે. ઉપરાંત સંસ્થા દ્વારા, હરિભક્તો અને સંતો દ્વારા વચનામૃતના ઉપયોગી પ્રકાશનો થતાં રહ્યાં છે. ત્યારે આ વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવવાનું મુખ્ય કાર્ય એ છે કે શ્રીજી મહારાજની વાત, રુચિ, મત સામાન્ય પ્રજા સુધી જાય. સમય એવો આવી ગયો છે કે, આજે લોકોને પોતાની પ્રવૃત્તિઓની ભરમાર વચ્ચે, નથી વાંચવાનો સમય કે નથી સત્સંગમાં કથાવાર્તા સાંભળવાનો સમય, આજે તો ઉપરછલ્લું જ્ઞાન સર્વત્ર વર્તાય છે ત્યારે સમુદ્રના ઉંડાણમાં રહેલ મોતીઓનો સહુને પરિચય કરાવવાનો આ પ્રયત્ન છે.

આ ઉત્સવના માધ્યમથી લોકો સુધી વચનામૃતની વાત જવી જોઈએ. છેક છેવાડાના હરિભક્તો હોય, જ્ઞાની હોય કે અજ્ઞાની હોય, મોટો હોય કે નાનો હોય --- વાત એની નથી, પણ મહત્વની વાત એ છે કે એણે સ્વામિનારાયણની કંઠી પહેરી છે, સ્વામિનારાયણ ભગવાનનો અનુયાયી થયો છે, આશ્રિત થયો છે ત્યારે એ હરિભક્તને વચનામૃતનું વાસ્તવિક જ્ઞાન થવું જ જોઈએ. એના માટેનો આ પ્રયત્ન છે. વડતાલ સંસ્થાન આ માટે અનેક સંનિષ્ટ પ્રયત્ન કરી રહેલ છે.

ભગવાન સ્વામિનારાયણે આ વચનામૃતો દસ દસ વર્ષ સુધી કહ્યાં છે, જુદાં જુદાં સ્થાનોએ કહ્યાં છે, અલગ અલગ સમયે કહ્યાં છે, ક્યારેક મળસ્કે, ક્યારેક મધ્યાહ્ને, ક્યારેક મોડી રાત્રે, ક્યારેક પાંચ કે સો કે પાંચસો હરિભક્તો સમક્ષ કહ્યાં છે, શ્રીજી મહારાજનો તો એક માત્ર હેતુ હતો કે જીવને પરમાત્મા વિશે ભક્તિ થાય, એ દ્વારા એનુંય કલ્યાણ થાય. આ માટેની વાતો છે, ક્યાંક સાધુ સંતો માટેની વાત છે. સંત જીવન કેવી રીતના જીવવું એના માટે પ્રશ્નો છે. ઘણા બધા પેટા પ્રશ્નો પણ છે. ઘણા પ્રશ્નો એવા છે જે શ્રીજી મહારાજે પૂછ્યા છે અને શ્રીજી મહારાજે જ તેના જવાબ આપ્યા છે. કેટલાક પ્રશ્નોના જવાબ સંતો આપી ન શક્યા ત્યારે શ્રીજી મહારાજે પોતે આપ્યા છે. આ બધી વાતો સામાન્ય હરિભક્તો સુધી પહોંચવી જોઈએ.

શ્રીજી મહારાજે વચનામૃત દસ દસ વર્ષ સુધી કહ્યાં છે. એમ આપણે પણ સતત દસ વર્ષ સુધી

વચનામૃતનો ઉત્સવ ઉજવવો જોઈએ. આપણે પણ અલગ અલગ સ્થાનોમાં અલગ અલગ સમયે સંપ્રદાયના કોઈ પણ પ્રસંગે માત્રને માત્ર વચનામૃતની વાત કરવી જોઈએ. આમ દસ વર્ષ સુધી વચનામૃતનો ઉત્સવ ઉજવીએ ત્યારે સાચા અર્થમાં સંપ્રદાયની એક જ્ઞાની પેઢી તૈયાર થાય અને એમ થયે સંપ્રદાયનું ભાવિ ઉજવળ બને. કેમ જે વર્તમાન સમયમાં સ્વામિનારાયણ અંગેની એટલી બધી શાખા પ્રશાખાઓ થઈ ગઈ છે અને એ બધા દ્વારા થતી સાચી ખોટી વાતોમાં હરિભક્તો અંજાઈ જતા હોય છે, ત્યારે સાચા અર્થમાં વચનામૃતના માધ્યમથી લોકો સુધી મૂળ વાત જાય તો લોકોને સત્ય સમજાય. આ પ્રથમ ને મહત્વની વાત. બીજું આમાં વ્યક્તિગત મહિમાની પ્રશંસાની કે સ્વાર્થની કોઈ વાત નથી. એટલે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવમાં કથા વાર્તા થશે. વિદ્વાન સંતોના મુખેથી પ્રવચનો થશે, પ્રદર્શન વિભાગ થશે, અનેક વિધ કાર્યક્રમો થશે અને એ દ્વારા વચનામૃતને જન જન સુધી પહોંચાડાશે. આશય એ છે કે, શ્રીજી મહારાજે વચનામૃતમાં કહેલ એક પણ વાક્ય કોઈના જીવમાં જોડાઈ જાય તો એ હરિભક્ત એના આત્યંતિક કલ્યાણના માર્ગમાં સહેજે આગળ વધે અને એમ થાય તો શ્રીજી મહારાજ રાજી થાય.

આ માટે વડતાલ ટેમ્પલ બોર્ડ અનેકવિધ પ્રયત્નો કરી રહેલ છે. વચનામૃતની પ્રતો એકદમ કિફાયત ભાવે ભક્તોને સુલભ કરી આપી છે. વચનામૃત અંગે નાનાં મોટાં પ્રકાશનો કરે છે, કરાવે છે. દર પૂનમે વડતાલ ખાતે વિવિધ સંતોના પારાયણો યોજાય છે. શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી પ્રત્યેક રવિવારે જુદાં જુદાં શહેરોમાં મહાસંમેલન યોજે છે અને તેમાં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવમાં પધારવા માટે કીર્તન નિમંત્રણ આપે છે. સંપ્રદાયના લગભગ તમામ સંતો આ મહોત્સવને સફળ બનાવવા ભગીરથ પુરુષાર્થ કરી રહેલ છે.

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ આ સંપ્રદાયમાં ન ભુતો ન ભવિષ્યતિ એવો ઉત્સવ થનાર છે. અમારી એવી લાગણી છે કે આપણા સંપ્રદાયના પ્રત્યેક હરિભક્તે એમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ લેવાનો છે; જેઓ રૂબરૂ આવશે તે તો સારી વાત છે ને જેઓને અનુકૂળતા ન હોય તેઓ દ્રશ્ય શ્રાવ્ય માધ્યમથી પણ આ ઉત્સવને નિહાળે. એના કારણે વડતાલ મૂળ સંપ્રદાયની ઝાંખી થશે. શ્રીજી મહારાજે જે જે સ્થાનો વિશે વચનામૃતો કહ્યા હોય એ સ્થાનોની ઝાંખી થશે. શ્રીજી મહારાજ વચનામૃતમાં કહેલાં વચનો આપણા હૃદયમાં ઉતરશે, અંતકાળ આવશે ત્યારે આ ઉત્સવનું સ્મરણ થશે, આ મહોત્સવ અંતર્ગત જે કાંઈ પ્રવૃત્તિઓ થઈ હશે તે યાદ આવશે અને એમ થયે જીવનું અતિશય રૂડું થશે.

આપણી વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદી સંસ્થાન એક માતબર સંસ્થા છે. આપણા દક્ષિણ દેશમાં ૧૨૦૦ થી વધુ ત્યાગી સંતો સક્રિયપણે કાર્યરત છે. અલગ અલગ સ્થાનોમાં કાર્ય કરે છે; કોઈ શૈક્ષણિક સંસ્થા ચલાવે છે, કોઈ મંદિર કે આશ્રમ ચલાવે છે, એ બધા અને સ્વામિનારાયણ સંપ્રદાયના દક્ષિણ દેશના તમામ મંદિરોનો આમા સહિયારો પુરૂષાર્થ છે. શ્રીજી મહારાજે એમ કહ્યું છે ને કે વિસ કોશના પ્રવાહને રોકી ખાળી ન શકાય એમ હાલ ઉત્સવની તૈયારી ચાલે છે.

શ્રીજી મહારાજે વચનામૃતમાં ઘડાના દ્રષ્ટાંત દ્વારા સરસ વાત કહી છે. કોઈ એક ઘડાનું પાણી કોઈ એક સ્થળે રેડીએ તો પાણી બીજે દિવસે સુકાઈ જાય પણ જો એક આંગળી જેવડી સેર કરીએ તો એક પ્રવાહ બને. એવું જ વચનામૃત સંદર્ભે છે. એની જો સતત ને સતત વાત કરીએ તો હરિભક્તોના હૃદયમાં વચનામૃતની સાચી વાત જરૂર ઉતરશે. એમ થતાં એના હૃદયમાં ભગવાનનો અતિશય મહિમા થશે જ. શ્રીજી મહારાજના સત્સંગમાં વધારો જેને થવાનો હોય એને શુભ ભાવ, વૃત્તિ થાય જ.

અમે તો સતત એવું અનુસંધાન રાખીએ છીએ, ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે સત્સંગમાં જે જન્મ્યો હોય એનું આત્યંતિક કલ્યાણ થાય અને દિન-પ્રતિદિન વૃદ્ધિને પામતો જાય. એના હૃદયમાં શુભ વાસના પામે, માતા પિતાની સેવા કરે, સમાજ કુટુંબની સેવા કરે અને ઈશ્વરે શક્તિ સામર્થી આપી હોય તો આવા ઉત્સવ સમૈયામાં ભાગ લે ને કલ્યાણનું ભાથું બાંધે. આપણે બધાભેગા મળીને આવો પુરૂષાર્થ કરીએ. વચનામૃત દ્વિશતાબ્દી મહાઉત્સવ ઉજવવાની મુખ્ય ફલશ્રુતિ એ છે કે ભગવાનનું શુદ્ધ સાત્વિક જ્ઞાન જન જન સુધી પહોંચે. દરેકના હૃદયમાં ભગવાન સ્વામિનારાયણનો મહિમા વિશેષપણે દ્રઢ થાય, બન્ને દેશ, શ્રી હરિએ સ્થાપેલ મંદિરો, સંપ્રદાયની પરંપરાઓ પાળે એવી પરિસ્થિતિનું નિર્માણ થાય એ જ મહોત્સવની ફલશ્રુતિ. અમને વિશ્વાસ છે વડતાલમાં બિરાજતા શ્રી હરિકૃષ્ણ મહારાજ જરૂરથી જન જન પ્રત્યે પ્રેરણા કરીને આ ઉત્સવ ભવ્ય રીતે ઉજવાવશે, એવી અમને શ્રદ્ધા છે. ભગવાન તમામ ભક્તોનું મંગલ કરે એવી પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ.

# વચનામૃતમાં સત્શાસ્ત્ર સંદર્ભ

## વચનામૃત : સત્શાસ્ત્ર સંદર્ભ ભૂમિકા

શ્રીજી મહારાજે શિક્ષાપત્રી (શ્લોક ૯૩, ૯૪, ૯૫) અને વચનામૃત (વડતાલ ૧૮) માં ૧) વેદ, ૨) બ્રહ્મસૂત્ર, ૩) શ્રીમદ્ ભગવત, ૪) શ્રીમદ્ ભગવત ગીતા, ૫) વિદુરનીતિ, ૬) વિષ્ણુસહસ્ત્રનામ, ૭) વાસુદેવ માહાત્મ્ય અને ૮) યાજ્ઞવલ્ક્ય સ્મૃતિને પોતાના ઈષ્ટ એટલે પ્રિય શાસ્ત્ર તરીકે સ્વીકારેલા છે. આ આઠેય શાસ્ત્રોને ભણવા ભણાવવાની તથા તેની કથા કરવા કરાવવાની પણ તેમને આજ્ઞા કરી છે.

ભારતીય તત્વજ્ઞાનના સાહિત્યમાં ઋગ્વેદ પ્રાચીનતમ ગ્રંથ ગણાય છે. આ એક ગ્રંથના વેદવ્યાસ કૃષ્ણદ્વૈપાયન નામના બ્રહ્મર્ષીએ તેના ચાર વિભાગ કર્યા: ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. વેદના ચાર પેટા વિભાગો છે: ૧ સંહિતા, ૨ બ્રાહ્મણ, ૩ આરણ્યક અને ૪ ઉપનિષદો. સંહિતામાં મંત્રો અને પ્રાર્થનાનો સમાવેશ થાય છે. આરણ્યકમાં લૌકિક અને પરલૌકિક સુખ માટે આવશ્યક માનેલા યજ્ઞાદિક કર્મોનાં વિધિવિધાન આપ્યા છે. ઉપનિષદોમાં જ્ઞાન, વિજ્ઞાન, ધર્મ, ન્યાય, નીતિ, જીવનવ્યવહાર, અર્થનીતિ વગેરે તત્વોનું જ્ઞાન સુત્રાત્મક મંત્રો દ્વારા આપવામાં આવ્યું છે.

ઉપનિષદોની સંખ્યા આજે ૧૦૮ મનાય છે. ચાર વેદના થઈ મુખ્ય પંદર ઉપનિષદો મનાય છે. ઋગ્વેદમાંથી ઐતરેય અને કૌષીતકિ ઉપનિષદ, યજુર્વેદમાંથી ઈશ, તૈત્તરીય, કઠ, બૃહદારણ્યક, શ્વેતાશ્વતર, મહાનારાયણીય અને મૈત્રાયણીય ઉપનિષદ, સામવેદમાંથી કેન અને છંદોગ્ય ઉપનિષદ તથા અથર્વવેદમાંથી પ્રશ્ન, મુંડક, માંડુકય અને નૃસિંહતાપનીય ઉપનિષદ ઉતરી આવ્યા છે.

ભારતીય તત્વજ્ઞાનમાં ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ ભગવદ ગીતા એમ ત્રણ ગ્રંથોના સમૂહને ભારતીય તત્વજ્ઞાનની પ્રસ્થાનત્રયી કહેવામાં આવે છે. ભારતમાં પ્રત્યેક ધર્મ સંપ્રદાય પોતાના જ્ઞાનમતની પુષ્ટિ પ્રસ્થાનત્રયીના આધારે જ કરે છે. એક માન્યતા પ્રમાણે



પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્યની રચના કરવી એ ધર્માચાર્યનું આવશ્યક લક્ષણ ગણાતું.

બ્રહ્મસૂત્રના કર્તા છે કૃષ્ણદ્વૈપાયન વ્યાસ. એના ચાર અધ્યાય છે અને પ્રત્યેક અધ્યયન ચાર ચાર પાદ છે. બ્રહ્મસૂત્રના સુત્રોની એકન્દર સંખ્યા ૫૭૦ની આસપાસ મનાય છે. મુક્તાનંદ સ્વામીએ બ્રહ્મસૂત્ર પર ભાષ્યની રચના કરી છે.

શ્રીમદ ભગવદ ગીતાનો મહાભારતના છઠ્ઠા પર્વ - ભીષ્મ પર્વમાં 'શ્રીકૃષ્ણાર્જુનસંવાદ' નામે સમાવેશ થયેલો છે. ભીષ્મ પર્વના ૨૫ થી ૪૨ સુધીના ૧૮ અધ્યાય એ ભગવદ ગીતા, જેમાં કુલ ૭૦૦ શ્લોકો છે. નિત્યાનંદ સ્વામીએ તેના પર ભાષા ટીકા રચેલી છે.

ભગવાન સ્વામિનારાયણે પ્રસ્થાનત્રયીનાં ત્રણે શાસ્ત્રોને પોતાના ઈષ્ટ એટલે પ્રિય શાસ્ત્રો કહ્યાં છે. ગોપાળાનંદ સ્વામીએ પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્યની રચના કરી છે.

ભારતીય તત્વજ્ઞાનમાં પ્રસ્થાનત્રયી ઉપરાંત વેદાંગ અને ષડદર્શન પણ મહત્વનાં છે. છ વેદાંગ વૈદિક સાહિત્યની જુદી જુદી બાબતો સરળતાથી સમજાવે છે. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ અને છંદ એ છ વેદાંગ છે. ષડ દર્શનના બે વિભાગ છેઃ ૧ આસ્તિક અને ૨ નાસ્તિક ષડદર્શન. આસ્તિક દર્શનોમાં કપિલ મુનિનું સાંખ્યદર્શન, પતંજલિ મુનિનું યોગ દર્શન, ગૌતમ મુનિનું ન્યાય દર્શન, કણાદ મુનિનું વૈશેષીક દર્શન, જૈમીની મુનિની પૂર્વ મીમાંસા અને બાદરાયણ મુનિની ઉત્તર મીમાંસા આવે. નાસ્તિક દર્શનમાં ચાર્વાક દર્શન, જૈન દર્શન, બુદ્ધ દર્શન આવે. જોકે ભારતીય આસ્તિક શાસ્ત્રોમાં જૈન દર્શનના પ્રણેતા ઋષભ દેવ અને બૌદ્ધ દર્શનના પ્રણેતા બુદ્ધને ભગવાનના અવતાર માનવામાં આવ્યા છે. સહજાનંદીય તત્વજ્ઞાનની સમાજ માટે આ બધાનું જ્ઞાન હોવું જરૂરી છે.

વચનામૃત સ્વામિનારાયણ સંપ્રદાયનું જ્ઞાનશાસ્ત્ર છે. તત્વજ્ઞાનમાં જેટલી બાબતો અવશ્ય જાણવા જેવી છે તેનું સમ્યક નિરૂપણ વચનામૃતમાં કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે તત્વજ્ઞાનના ગ્રંથો સંસ્કૃત ભાષામાં લખાય છે પણ વચનામૃત ગ્રંથની ભાષા ગુજરાતી છે. તત્વજ્ઞાનને પ્રાકૃત ભાષામાં આવી સરળ રીતે અન્ય કોઈ ગ્રંથમાં મુકાયું નથી. વચનામૃત આ રીતે મહત્વનો ગ્રંથ બની રહે છે.

સહજાનંદ સ્વામીએ પોતાને ઈષ્ટ અને સનાતન ધર્મનાં મહત્વનાં શાસ્ત્રોનાં વચનો પોતાના મતના સમર્થનમાં વિપુલ પ્રમાણમાં ટાંક્યા છે. સહજાનંદ સ્વામીએ એ વચનોને બુદ્ધિગમ્ય, સરળ અને સુયોગ્ય રીતે સમજાવ્યાં છે. સહજાનંદ સ્વામીએ આપેલ એ સમજનો ખ્યાલ આપવાનો આ પ્રયત્ન છે.

### વચનામૃતમાં શ્રીમદ્ ભાગવત્ સંદર્ભ

શ્રીજી મહારાજે વચનામૃતમાં શ્રીમદ્ ભાગવતમાં ઉલ્લેખ સૌથી વધુ ૪૧ વખત કર્યો છે.

શ્રીમદ્ ભાગવતને શ્રીજી મહારાજે 'ઈષ્ટ' ધર્મશાસ્ત્ર ગણેલ છે.

ભાગવત ગ્રંથ સત્યરૂપી નારાયણથી શરુ થાય છે અને સત્યરૂપી નારાયણ પર પૂરો થાય છે. શ્રીમદ્ ભાગવતના બાર સ્કંધ છે. આ બારેય સ્કંધ સ્વતંત્ર પણ છે અને એકબીજા સાથે જોડાયેલા પણ છે. દરેક સ્કંધ નવો રસ આપે છે. એમ કહેવાયું છે કે, દશમ સ્કંધમાં ભગવાનનાં સંપૂર્ણ દર્શન થાય છે અથવા ભગવાન માટે પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે. ભાગવતના બાકીના બે સ્કંધ તો દશમ સ્કંધની એટલે કે ભગવાનની ભક્તિ, તેમની શક્તિ અને તેમના સર્વાન્તર્યામી સર્વેશ્વરપણાની જ પ્રતીતિ અને પુષ્ટિ કરે છે.

ભાગવતના કર્તા (અંશાવતાર વ્યાસજી) ભાગવતના વક્તા (વ્યાસપુત્ર શુકદેવજી) અને ભાગવતના શ્રોતા અર્જુન પૌત્ર પરીક્ષિત એ ત્રણેયની ભાગવતને લીધે જ મુક્તિ થઈ છે. (સત્સંગિજીવન, ૪-૩-૨૦)

ભાગવતના અંતે વ્યાસજી બે જ વાત સમજાવે છે- 'સત્ય એક જ છે, નારાયણ અને એ એક જ આપણા સ્વામી છે, નારાયણ!'

સં. ૧૮૭૬માં શ્રીજી મહારાજે ગઢડા ખાતે પ્રાગજી દવે પાસે શ્રીમદ્ ભાગવત એક માસ સુધી સાંભળ્યું અને સંભળાવ્યા કર્યું. શ્રીજી મહારાજે આમ કરી સ્પષ્ટ કરેલું કે, ધર્મગ્રંથો એકલા સાંભળવા માટે નથી કે નથી એકલો વિચાર; એ તો જીવનમાં પૂરા ઉતારવા માટે છે.

"શ્રીહરિએ ગાયું વ્યાસજીનું માહાત્મ્ય"

શ્રીજી મહારાજ 'વચનામૃત' (વડતાલ ૧૮) માં કહે છે, 'અને સર્વે જે આચાર્ય થયા તેમાં વ્યાસજી મોટા આચાર્ય છે.'

શ્રીજી મહારાજે શ્રીમદ્ ભાગવતના કર્તા વ્યાસજીને આદિ આચાર્ય ગણ્યા છેઃ '.....વ્યાસજીથી બીજા કોઈ મોટા આચાર્ય નથી અને બીજા તો જે જે આચાર્ય થયા છે તેમણે વ્યાસજીના કરેલા ગ્રંથને આશરીને પોતપોતાના સંપ્રદાય ચલાવ્યા છે. માટે આદિ આચાર્ય જે વ્યાસજી, તેનાં જે વચન તે સર્વ આચાર્યના વચન કરતાં અતિ પ્રમાણ છે...' (ગ.અં.૧૦)

શ્રીજી મહારાજ પાસે સં. ૧૮૮૩ના આસો વદિ બારસને દિવસે ગઢડા ખાતે માધ્વી સંપ્રદાયનો એક વિદ્વાન બ્રાહ્મણ આવેલ. તેને શ્રીજી મહારાજે પૂછ્યું 'તમારા સંપ્રદાયના ગ્રંથને વિષે વૃંદાવનને જ ભગવાનનું ધામ કહ્યું છે, અને વળી એમ કહ્યું છે જે, મહાપ્રલયમાં પણ વૃંદાવનનો નાશ થતો નથી. અને શિવમાર્ગી હોય તે એમ કહે છે જે મહાપ્રલયમાં કાશીનો નાશ થતો નથી. આ વાર્તા અમારા સમજ્યામાં આવતી નથી.' આમ કહી શ્રીજી મહારાજે ભાગવતનું પુસ્તક મંગાવ્યું અને તેમાંથી એકાદશ સ્કંધમાંથી તથા દ્વાદશ સ્કંધમાંથી ચાર પ્રકારના પ્રલયનો



પ્રસંગ હતો તે વાંચી સંભળાવ્યો.

એક વેદાંતી બ્રાહ્મણને પણ શ્રીજી મહારાજે કહેલું, '(જે) ઉત્તર કરો, તે વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ અને ઈતિહાસ તેની સાખ્યે કરીને કરો, પણ કોઈ કલ્પિત ગ્રંથને વચને કરીને કરશો તો અમે તેને નહિ માનીએ અને જો વ્યાસજીને વચને કરીને કરશો તો અમારા માન્યમાં આવશે, કેમજે અમારે વ્યાસજીના વચનમાં દૃઢ પ્રતીતિ છે. (ગ.પ્ર. ૩૯)'

શ્રીજી મહારાજ કહે, 'એ વ્યાસજીના વચનને જે અનુસરે તેનું જ વચન લોકમાં પ્રમાણ થાય.' શ્રીજી મહારાજ કહે, 'ને તે વ્યાસજી જેવા તો શંકરાચાર્ય ન કહેવાય, રામાનુજાચાર્ય ન કહેવાય, મધવાચાર્ય ન કહેવાય, નિંબાર્ક ન કહેવાય, વિષ્ણુસ્વામી ન કહેવાય, વલ્લભાચાર્ય ન કહેવાય; કેમકે, એ આચાર્ય જો વ્યાસજીના વચનને અનુસરે તો એ આચાર્યના વચનનું લોકમાં પ્રમાણ થાય, નહિ તો ન થાય અને વ્યાસજીને તો બીજાં કોઈની અપેક્ષા નથી.'

શ્રીજી મહારાજ કહે છે, 'વ્યાસજી તો વેદના આચાર્ય છે, ને પોતે ભગવાન છે. માટે આપણે તો વ્યાસજીના વચનને જ અનુસરવું.' (વડ.૧૮)

શ્રીજી મહારાજે ભગવાન વ્યાસજી દ્વારા શ્રીમદ્ ભાગવત પુરાણની રચના કેમ કરાઈ તે પણ સમજાવ્યું છે. શ્રીજી મહારાજ કહે છે, 'વ્યાસજીએ જીવના કલ્યાણ અર્થે વેદનો વિભાગ કર્યો ને સત્તર પુરાણ કર્યાં ને મહાભારત કર્યું તો પણ વ્યાસજીના મનમાં એમ થયું જે- જીવના કલ્યાણનો ઉપાય જેમ છે તેમ યથાર્થ ન કહેવાયો. (વડ. ૧૮)

શ્રીજી મહારાજે ભગવાન વ્યાસજીએ શ્રીમદ્ ભાગવતની રચના કયા અભિગમથી કરી તે પણ સમજાવ્યું છે: 'તે ભાગવતને વિષે સર્વ અવતાર કરતાં શ્રીકૃષ્ણ ભગવાનને જ અધિક પણે કહ્યા છે ને સર્વ અવતારના ધરનારા જે છે તે જ સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન છે.' (વડ. ૧૮)

શ્રીમદ્ ભાગવતમાં ભગવાન વ્યાસજીએ જે સિધ્ધાંત સ્થાપિત કર્યો તે અંગે શ્રીજી મહારાજ કહે છે, 'સર્વ અવતારના ધરતલ જે પરમેશ્વર, તે જ સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન છે ને બીજા જે અવતાર તે એના છે. અને જો એ શ્રીકૃષ્ણ ભગવાનને નિર્ગુણ નહિ કહે ને શુધ્ધ સત્યવાત્મક કહેશે, તો તેને ભાગવતના પૂર્વાપર સંબંધની ખબર જ નથી ને તેને વિષે મોટો બાધ આવશે; કેમ જે, ગોપીઓએ શ્રીકૃષ્ણ ભગવાનને ન જાણ્યા ને કામભાવે કરીને એ જ શ્રીકૃષ્ણ ભગવાનને ભજ્યા તેણે કરીને તે ગોપીઓ નિર્ગુણ

થઈ ગઈ, ત્યારે તે શ્રીકૃષ્ણ ભગવાનને શુધ્ધ સત્વાત્મક કેમ કહેવાય? માટે શ્રીકૃષ્ણ ભગવાન તો નિર્ગુણ જ છે.' (વડ.૧૮)

શ્રીકૃષ્ણ ભગવાને પોતે અર્જુન પ્રત્યે કહ્યું છે જે,

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥

## શ્રીમદ્ ભાગવત્ સર્જન કથા

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધમાં કથા આવે છે કે, વ્યાસ ભગવાન પોતાના આશ્રમમાં બેઠા છે. તેમને હૃદયમાં એવી અનુભૂતિ થાય છે કે, તેમણે લોકોપકાર માટે, લોકોના કલ્યાણને માટે ઘણું કર્યું તોપણ તેમને શાંતિ ન મળી. એમને થયું, કંઈક ઘટે છે; नात्मा मे परितुष्यते न्यूनं मे परिचक्ष्य। એમણે આ માટે નારદજીની સલાહ લીધી. નારદજીએ તેમને ભગવાનનાં ચરિત્રનાં ગાન કરવા જણાવ્યું. ભક્તિ વિના હૃદય પરિપૂર્ણ થતું નથી. એથી વ્યાસ ભગવાને શ્રીમદ્ ભાગવતની રચના કરી. તેના પ્રચાર માટે તેમણે શુકદેવજીને ભણાવ્યું. શુકદેવજી ભણ્યા અને તેનું ગાન કર્યું. એ પરંપરા આજે પણ ચાલુ છે.

## ભાગવતમાં કલ્યાણનો માર્ગ

શ્રીજી મહારાજ કહે છે, 'શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધને વિષે પૃથ્વી અને ધર્મના સંવાદે કરીને રાજારૂપ જે શ્રીકૃષ્ણાદિક ભગવાનના અવતાર તેના ૩૯ લક્ષણ કહ્યાં છે અને એકાદશ સ્કંધને વિશે શ્રીકૃષ્ણ ભગવાન ને ઉધ્ધવના સંવાદે કરીને સાધુરૂપ જે દત્તાત્રેય કપિલ આદિક ભગવાનના અવતાર તેનાં ૩૦ લક્ષણ કહ્યાં છે માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તે લક્ષણે કરી તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થવું અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી એ જ કલ્યાણનો ઉપાય છે.'

## ભાગવતનું માહાત્મ્ય

શ્રીજી મહારાજે શ્રીમદ્ ભાગવતને સતશાસ્ત્ર માનેલ અને કહેતા કે, '.....શ્રીમદ્ ભાગવત્ સરખા પ્રસિધ્ધ પુરાણનું વચન કહી સંભળાવો તો અમારે પ્રતીતિ આવે.' (ગ.અં.૧૦)

શ્રીજી મહારાજ ભાગવત ગ્રંથને શ્રધ્ધેય માનતા કેમકે, '.....વ્યાસજીએ વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેનું સાર સાર ગ્રહણ કરીને શ્રીમદ્ ભાગવત્ કર્યું છે. માટે જેવું ભાગવત પ્રમાણ એવાં બીજા પુરાણ પ્રમાણ નહિ...' (ગ. અં. ૧૦)

## શ્રીમદ્ ભાગવતઃ પંચમ સ્કંધ તથા દશમ સ્કંધનું માહાત્મ્ય

શ્રીજી મહારાજે શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધ અને દશમ સ્કંધનું અતિશય પ્રતિપાદન કર્યું છે. આ અંગે શ્રીજી મહારાજે મોટેરા સંતોને પ્રશ્ન પણ પૂછેલો. પછી, એ બે સ્કંધનું માહાત્મ્ય શ્રીજી મહારાજે સમજાવેલું.

શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધ અંગે શ્રીજી મહારાજે સમજાવ્યું કે, ઉપનિષદ-વેદાંત ને શ્રુતિસ્મૃતિ તેમાં જેને બ્રહ્મ કહ્યા છે, જ્યોતિઃ સ્વરૂપ કહ્યા છે, જ્ઞાનરૂપ કહ્યા છે, તત્વ કહ્યા છે, સૂક્ષ્મ કહ્યા છે અને નિરંજન, ક્ષેત્રજ્ઞ, સર્વકારણ, પરબ્રહ્મ પુરુષોત્તમ, વાસુદેવ, વિષ્ણુ, નારાયણ, નિર્ગુણ એવે એવે નામે કરીને જેને પરોક્ષપણે કહ્યા છે તે, તે આ પ્રત્યક્ષ વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણવાસુદેવ છે. એવી રીતે જ્યાં જ્યાં સ્તુતિ ભાગ છે ત્યાં ત્યાં એવા એવા સ્તુતિના શબ્દને લઈને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનને જ કહ્યા છે, પણ શ્રીકૃષ્ણ ભગવાનથી અધિક કાંઈ નથી કહ્યું; તથા સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા તે પણ શ્રીકૃષ્ણ ભગવાન જ છે, એમ કહ્યું છે.

શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધ વિષે શ્રીજી મહારાજે સમજાવ્યું કે, '.....પંચમ સ્કંધને વિષે તો એ શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય કહ્યું છે. તથા એ શ્રીકૃષ્ણ ભગવાન જે તે આ જગતની સ્થિતિને અર્થે ને પોતાના ભક્તજનને સુખ આપવાને અર્થે અનેક પ્રકારની મૂર્તિઓને ધારીને ખંડ ખંડ પ્રત્યે રહ્યા છે, એમ કહ્યું છે.'

અને પોતે બાંધી એવી જે મર્યાદાઓ તેને વિષે જે રહે તે અતિશય મોટ્યપને પામે ને જે ન રહે તે મોટો હોય તો પણ પોતાની સ્થિતિ થકી પડી જાય અને જે સાધારણ જીવ હોય ને તે મર્યાદાને લોપે તો તેને અધોગતિ થાય છે, એમ કહ્યું છે.

અને એ જ જે શ્રીકૃષ્ણવાસુદેવ તેણે વસુદેવ-દેવકીને પ્રત્યક્ષ ચતુર્ભુજરૂપે અદ્ભૂત બાળક થકી દર્શન દીધું, એ અનાદિ વાસુદેવરૂપ છે.

અને એ શ્રીકૃષ્ણ ભગવાન ધર્મ, અર્થ, કામને વિષે વર્ત્યા છે; તે ધર્મ, અર્થ, કામ સારુ જે જે ભગવાને ચરિત્ર કર્યા તેનું જે ગાન કરે અથવા શ્રવણ કરે તે સર્વે પાપ

થકી મુક્ત થઈને પરમપદને પામે છે.

અને એ વાસુદેવ ભગવાનનાં જન્મ, કર્મ ને મૂર્તિ એ સર્વે દિવ્ય સ્વરૂપ છે.

અને એ જે વાસુદેવ શ્રીકૃષ્ણ તે જ સર્વોપરી છે.

**દશમ સ્કંધ શા માટે?**

'વચનામૃત' (ગ.મ. ૬૪) માં શ્રીજી મહારાજ સ્વયંપ્રકાશાનંદ સ્વામીના એક પ્રશ્ન-ભગવાનના જે અવતાર છે. તે સર્વે સરખા છે કે તેમાં અધિક ન્યૂન ભાવ છે? - ના ઉત્તરમાં કહે છેઃ

'અમે વ્યાસજીના કરેલા જે સર્વે ગ્રંથ તે સાંભળ્યા ને પછી પૂર્વાપર વિચારીને જોયું, ત્યારે તેમાંથી અમને એમ સમજાયું જે, મત્સ્ય, કચ્છ, વારાહ, નૃસિંહાદિક જે ભગવાનના અવતાર છે તે સર્વે અવતારના અવતારી તે શ્રીકૃષ્ણ ભગવાન છે. પણ બીજા અવતારની પેઠે શ્રીકૃષ્ણ ભગવાન તે અવતાર નથી. તે તો અવતારી જ છે.'

શ્રીજી મહારાજ કહે છે, '(અવતારી) શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્ર શ્રીમદ્ ભાગવત્ પુરાણના દશમ સ્કંધને વિષે સંપૂર્ણ કહ્યાં છે. માટે આપણા ઉધ્ધવ સંપ્રદાયને વિષે અમે દશમ સ્કંધને અતિશય પ્રમાણ કર્યો છે.'

શ્રીજી મહારાજ એ પણ સ્પષ્ટ કરે છે કે, બીજા ગ્રંથો અવતાર અને ગ્રંથોને પણ માનવા પણ વિશેષ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને તેના પ્રતિપાદન કરનારા જે ગ્રંથ તેને માનવા. શ્રીજી મહારાજ કહે છે, 'અને બીજા જે સર્વે અવતાર તે પણ શ્રીકૃષ્ણ ભગવાનના જ છે માટે એ અવતારના પ્રતિપાદન કરનારા જે ગ્રંથ તે સર્વેને આપણે માનવા, પણ વિશેષે કરીને તો શ્રીકૃષ્ણ ભગવાન ને તેના પ્રતિપાદન કરનારા જે ગ્રંથ તેને જ માનવા.'

**શ્રીમદ્ ભાગવત્ પુરાણનો 'પંચમ સ્કંધ તે મારું યોગશાસ્ત્ર'**

ભગવાન શ્રી સ્વામિનારાયણે, શ્રીમદ્ ભાગવતના પંચમસ્કંધ અંગે શિક્ષાપત્રીમાં બે ખાસ નિર્દેશ કર્યા છેઃ ૧) પંચમ સ્કંધને પોતાનું યોગશાસ્ત્ર કહેલું છે. (શ્લોક ૯૯), ૨) ભગવાનના પરાત્પર સ્વરૂપનું માહાત્મ્ય અત્યાધિક જાણવા સમજવા માટે પંચમ સ્કંધને, વાંચવા સાંભળવાનો, ભણવા-ભણાવવાનો અને એની કથા કરવાનો આદેશ આપેલ છે. (શ્લોક ૯૮)

શ્રીમદ્ ભાગવત્ પુરાણના પંચમ સ્કંધમાં ૨૬ અધ્યાય અને ૬૭૩ શ્લોક છે. એના પહેલા ૧૫ અધ્યાયમાં ભગવાનના મન્વંતરાવતાર સ્વાયંભુંવ મનુ અને એમના પુત્ર રાજા પ્રિયવતે અને તેમના પુત્ર પરિવારે ભૂમંડળની રચના અંગે જે પરાક્રમો દાખવેલાં છે, તેની યશગાથાનું વર્ણન કરેલું છે; જેમાં ભગવાનના અંશાવતાર ઋષભદેવની પાવનકારી નિર્મળ યશગાથા આવી જાય છે. એ પછી ૧૧ અધ્યાયોમાં ભૂમંડળ એટલે ભૂગોળ અને ખગોળ; બીજા શબ્દોમાં કહીએ તો, દેશ અને કાળનું, ભવાટવીનું, સૂર્યાદિ જ્યોતિમંડળની ગતિનું અને પાતાળ તથા નરકલોકનું વર્ણન કરેલું છે, અને અધ્યાયની છેવટે ભૂમંડળના સર્જક અને સંપોષક એવા પરમાત્માના સ્વરૂપની સ્તુતિ કરેલી છે.

શ્રી ઈશ્વરલાલ લા. પંડ્યાએ પંચમ સ્કંધને સહજાનંદ સ્વામીએ 'યોગશાસ્ત્ર' શાથી ગણ્યો તેનાં કારણો ચર્ચ્યા છે. તે મુજબ, સંખ્યાની દૃષ્ટિએ પંચમ સ્કંધના ૨૬ અધ્યાયો, યોગશાસ્ત્રનાં ૨૬ તત્વોનું સૂચન કરે છે. શ્રીમદ્ ભાગવતના ૧૨ સ્કંધોમાં, પંચમ સ્કંધ જ એક એવો સ્કંધ છે જેમાં પદ્ય કરતાં ગદ્ય ભાગ વધારે છે. સાહિત્યની ભાષામાં પદ્ય એ ખંડ ગણાય છે; જ્યારે ગદ્ય અખંડ ગણાય છે. આત્માના પરમાત્મા સાથેના જોડાણમાં અખંડિતતા પરમ આવશ્યક શરત અને લક્ષણ છે. પંચમસ્કંધમાં ગદ્યભાગનું એટલે અખંડ ભાગનું પ્રમાણ વધારે રાખીને મહર્ષિ વ્યાસે એ લક્ષણ જ દાખવેલું છે. પંચમ સ્કંધના પહેલા ૧૧ અધ્યાયો ભગવતવિજયલીલાનું અને પછીના ૧૧ અધ્યાયો ભગવત્ સ્થાનલીલાનું નિરુપણ કરે છે. એ બંને લીલાઓનું સંકીર્તન, જીવને મોહ અને અજ્ઞાન રુપી નિંદ્રામાંથી જગાડે છે, સ્વ સ્વરૂપનું ભાન કરાવે છે અને પછી યોગેશ્વર પરમાત્મા સાથે જોડી દે છે........ અર્થાત્, જે રીતે આત્માનું પરમાત્મા સાથે જોડાણ થાય, એ જ સાચો યોગ કહેવાય; અને એ રીતનું જેમાં નિરૂપણ કર્યું હોય તેને જ યોગશાસ્ત્ર કહેવાય.....' ('નિમિત્ત માત્ર', ભા-૨, પ્ર. ૩૮ ના આધારે)

સંત વર્ણીઓમાં શ્રી નિત્યાનંદ મુનિએ શ્રીજી મહારાજ સમક્ષ બેસી અનેક શાસ્ત્રોની કથા કરેલી. શ્રીહરિને સદા પ્રિય એવા શ્રીમદ્ ભાગવતના પંચમ અને દશમ સ્કંધની કથા પણ શ્રીજી સન્મુખ અનેકવાર કરેલી. શ્રીજી મહારાજે તેમને એક વખત સત્સંગના વ્યાસજી કહી અશીર્વાદ આપેલા. (હરિકૃષ્ણાયન, પૃ.૨૦૦)

શ્રીજી મહારાજ માનતા કે, અઢારે પુરાણોનો અર્ક વ્યાસજીએ શ્રીમદ્ ભાગવતમાં ભરી દીધો છે. માટે, તક મળે કે તરત જ શ્રીજી મહારાજ શ્રીમદ્ ભાગવતની કથા કરાવતા. શ્રીજી મહારાજે માંડવી ખાતે શ્રીમદ્ ભાગવત્ કથા કરાવેલી, જેના કારણે વેદાંતી ખૈયા ખત્રીના ભક્તો શ્રીજીમય બનેલા!

માંડવધારનો જેઠો ગોવાળિયો અને મહેરામણ ગોવાળિયાને એમના ઘરમાં જ પડકારી ગઢડા પરત ફરી શ્રીજી મહારાજ બીજે દિવસે સવારે શ્રી નિત્યાનંદ મુનિ દ્વારા થતી પંચમસ્કંધની કથામાં પ્રસન્નચિત્તે બેઠા. નિત્યાનંદ સ્વામીની કથાથી તેઓ એટલા બધા પ્રસન્ન થયા કે શ્રીજી મહારાજે પોતાના ગળાનો હાર કાઢી તેમને પહેરાવ્યો, પોતાનું શેલું ઓઢાડ્યું અને બધા શિષ્યોને કહ્યું, 'નિત્યાનંદ મુનિ પાસેથી સાંભળવું.'

એક સમે, ઈ. સ. ૧૮૦૯માં શ્રીજી મહારાજે પ્રાગજી દવે પાસે બે મહિનામાં સાત વાર ભાગવત કથા કરાવી. આ સમયે મુક્ત મુનિ, બ્રહ્માનંદ મુનિ, ગોપાળાનંદ મુનિ, પ્રેમાનંદ મુનિ, અદ્‌ભુતાનંદ મુનિ, ચૈતન્યાનંદ સ્વામી વગેરે સંતો હાજર હતા. (આ પછી બ્રહ્માનંદ સ્વામી અને મુક્ત મુનિને ડભાણ યજ્ઞની તૈયારી કરવા મોકલેલા. હરિકૃષ્ણાયન, પૃ. ૩૦૯)

### દશમ સ્કંધ

સર્વ પુરાણોનો સાર ભાગવત છે. ભાગવતનો સાર દશમ સ્કંધ છે. અને દશમ સ્કંધનો સાર ભક્તિ છે. શ્રીજી મહારાજે સ્પષ્ટ કહ્યું છે કે, દશમ સ્કંધ અમારું ભક્તિશાસ્ત્ર છે. ભાગવત આખું ન વંચાય તો દશમ સ્કંધ વાંચવો.

### નાગડકામાં ભાગવત કથા

શ્રીજી મહારાજ એક સમે નાગડકામાં બિરાજતા હતા ત્યારે શ્રી નિત્યાનંદ મુનિ ત્યાં પધાર્યા. શ્રીજી મહારાજે તેમની પાસે શ્રીમદ્ ભાગવત પંચમ સ્કંધની કથા કરાવી. જડભરતનું આખ્યાન આવ્યું ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, પ્રીતિ તો માત્ર પ્રભુમાં જ રાખવી.

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ 'શ્રીહરિલીલામૃતમ્' (ભા-૩, ૬-૭, વિશ્રામ ૬) માં આ ઘટના ગાઈ છેઃ

ત્યાં તો આવ્યા નિત્યાનંદ સ્વામી, સારું સંસ્કૃત જ્ઞાન પામી;



એક શ્લોક કરીને ઉચ્ચાર, કર્યું વંદન વારમવાર. ૪૭
પછી શ્રીહરિએ સ્નેહ લાવી, કથા તે મુનિ પાસ કરાવી;
ભાગવત તણો પંચમ સ્કંધ, વાંચ્યો પ્રીતિથી તેહ પ્રબંધ. ૫૧
જડભરતનું આખ્યાન આવ્યું,તે તો સારી રીતે સંભળાવ્યું;
સુણી બોલિયા સુંદરશ્યામ, જડભરતની પેઠે જો આમ. ૫૨
પ્રીતિ કોઈ વિષે રહી જાય, તેનો જન્મ જરૂર ત્યાં થાય;
માટે પ્રીતિ ન રાખવી ક્યાંઈ, પ્રીતિ રાખવી પ્રભુપદ માંઈ ૫૩.

અગણોતેરા કાળમાં શ્રીજી મહારાજ સૌને કાળની ચેતવણી આપતા અને અનાજ સંગ્રહી લેવાનું જણાવી ફરતા ફરતા નાગડકા આવ્યા. ત્યાં નિત્યાનંદ મુનિ પણ, પોતાના મંડળ સાથે, પધાર્યા. શ્રીજી મહારાજે તેમની પાસે શ્રીમદ્ ભાગવતની કથા કરાવી.

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રી આ ઘટનાને 'શ્રી હરિલીલામૃતમ' (ભા-૩, ૬-૭, વિ-૩૧) માં વર્ણવે છેઃ

એવામાં પરગામથી ત્યાંય, નિત્યાનંદ આવ્યા સભામાંય;
સાથે સંતનું મંડળ હતું, હરિને મળી હર્ષિત થતું. ૭૩
કહે સ્વામીને શ્રી વૃષલાલ, વિશ્વ ઉપર કોપ્યો છે કાળ;
ભાગવતની કથા તમે કરો, કાળ શાંત થશે તેથી ભયો. ૭૪
નિત્યાનંદે પછી રુડી રીતે, ભાગવતની કથા કરી પ્રીતે;
સભા લીંબડા હેઠ ભરાય,કથા સાભળે શ્રી હરિરાય. ૭૭

### શ્રીમદ્ ભાગવત્ / વચનામૃત ગ.પ્ર. ૪૦ : નવ પ્રકારની ભક્તિ

શ્રીમદ્ ભાગવતમાં ભક્તિના નવ પ્રકાર કહ્યા છેઃ

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ।
(ભાગ, ૭/૫ ૩)

'શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસત્વ, સખા અને આત્મનિવેદન આ નવ પ્રકારની ભક્તિ છે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રીમદ્ ભાગવતનો ઉપરોક્ત શ્લોક વચનામૃત (ગ. પ્ર. ૪૦) માં શ્રી મુક્તાનંદ સ્વામીના, ભક્તિ અને ઉપાસના વચ્ચે ભેદ અંગેના એક પ્રશ્નના જવાબમાં કહ્યો છે. શ્રીજી મહારાજે કહ્યું, '.....એવી રીતે નવ પ્રકારે કરીને જે ભગવાનને ભજવા તેને ભક્તિ કહીએ.'

ઉપાસના અંગે શ્રીજી મહારાજે કહ્યું કે, 'ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની દૃઢ નિષ્ઠા હોય ને પોતે જે ભજનનો કરનારો તે બ્રહ્મરૂપ થાય તો પણ તે નિષ્ઠા જાય જ નહિ અને ગમે તેવા નિરાકાર પ્રતિપાદનના સ્વરૂપને સદા સાકાર જ સમજે અને શાસ્ત્રને વિષે ગમે તેવી વાત આવે પણ પોતે ભગવાનના સાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે પણ પોતાની ઉપાસનાનું ખંડન થવા દે જ નહિ એવી રીતે જેની દૃઢ સમજણ હોય તેને ઉપાસનાવાળો કહીએ.'

શ્રીમદ્ ભાગવત્/વચનામૃત ગ. પ્ર. ૪૧ :

'एकोडहं बहुस्यां प्रजायेय ।'

નૃસિંહાનંદસ્વામીએ શ્રીજી મહારાજને 'एकोडहं बहुस्यां प्रजायेय ।' શ્રુતિનો અર્થ સમજાવવા વિનંતી કરી.

શ્રીજી મહારાજ આ શ્રુતિનો અર્થ સમજાવતા પહેલાં શ્રીમદ્ ભાગવતનો એક શ્લોક ટાંકે છે:

स्वकृतविचित्रयोनिषु विशन्निव हेतुतया
तरतमतश्चकास्त्यनलवत्स्वकृतानुकृतिः ॥

(દશમસ્કંધ, અ. ૮૭, શ્લો-૧૯)

નૃસિંહાનંદ સ્વામીએ શ્રુતિ ટાંકી આશંકા વ્યક્ત કરી કે, 'પ્રલયકાળને વિશે જે એક ભગવાન હતા તે જ પોતાની ઈચ્છાએ કરીને સૃષ્ટિકાળે સર્વ જીવ ઈશ્વરરૂપે થયા છે. તે વાર્તા તો મૂર્ખ હોય તેના માન્યામાં આવે ને અમારે તો તમારો આશરો છે એટલે એ વાતની ગેડ બેસતી નથી.'

શ્રીજી મહારાજ શ્રીમદ્ ભાગવતનો ઉપરોક્ત શ્લોક ટાંકીને કહે છે કે, પુરુષોત્તમ ભગવાને પોતે કરી એવી જે નાના પ્રકારની યોનિયો તેમને વિષે કારણપણે અન્તર્યામી સ્વરૂપે પ્રવેશ કરીને ભગવાન ન્યૂનાધિક ભાવે પ્રકાશ કરે છે. સમગ્ર સૃષ્ટિમાં ભગવાન કારણપણે અન્તર્યામીરૂપ રહ્યા છે. પુરષોત્તમ ભગવાન જે તે તારતમ્યતાએ સર્વમાં કારણપણે અંતરયામી રૂપે રહ્યા છે.

**શ્રીમદ્ ભાગવત/ વચનામૃત ગ. પ્ર. ૪૩: ચાર પ્રકારની મુક્તિ**

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે,

मत्सेवया प्रतीतं च सालोक्यादि चतुष्टयम् ।
नेच्छन्ति सेवया पूर्णाः कुतोऽन्यत्कालविप्लुतम् ॥
सालोक्य सार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत ।
दीयमानं न गृह्यन्ति विना मत्सेवनं जनाः ॥

(ભા., ૯/૪/૬૭ અને ૩/૨૯/૧૩)

'મારી સેવામાત્રથી પૂર્ણકામ થયેલા નિષ્કામ ભક્તજનો મારી સેવા કરવાથી પ્રાપ્ત થતી એવી સાલોક્ય, સાર્ષ્ટિ, સારુપ્ય અને સામીપ્ય, આ ચાર પ્રકારની મુક્તિને પણ નથી ઈચ્છતા તો પછી કાળે કરીને નાશ પામે એવા અન્ય સુખો (ઐશ્વર્યાદિક) ને ન ઈચ્છે તેમાં શું કહેવુ'

'મારી સેવારુપ નિર્ગુણભક્તિમાર્ગ વાળા ભક્તજનો; ભગવાને બળાત્કારે આપેલી સાલોક્યાદિ મુક્તિને પણ સેવાને છોડીને ઈચ્છતા નથી. અર્થાત્ સેવાને જ ઈચ્છે છે......'

ભગવાન સ્વામિનારાયણે 'વચનામૃત' (ગ. પ્ર. ૪૩) માં સર્વેને એક પ્રશ્ન પૂછ્યો, 'શ્રીમદ્ ભાગવત્ પુરાણમાં કહ્યું છે જે, જે ભગવાનના ભક્ત હોય તે ચાર પ્રકારની મુક્તિને નથી ઈચ્છતા અને બીજા પણ જે જે ભગવાનના મોટા ભક્ત છે તે એમ કહે છે જે, ભગવાનના ભક્ત હોય તે ચાર પ્રકારની મુક્તિને નથી ઈચ્છતા. તે ચાર પ્રકારની મુક્તિ તે શું? તો ૧) એક તો ભગવાનના લોકમાં રહેવું અને ૨) બીજું ભગવાના સમીપે રહેવું અને ૩) ત્રીજું ભગવાના સરખું રૂપ પામવું અને ૪) ચોથું ભગવાના સરખું ઐશ્વર્ય પામવું. એવી રીતે જે ચાર પ્રકારની મુક્તિ છે એને તો ભગવાનનો ભક્ત નથી ઈચ્છતો ને કેવળ ભગવાનની સેવાને ઈચ્છે છે. તે એ ભક્ત ચાર પ્રકારની મુક્તિને શા સારુ નથી ઈચ્છતો?'

શ્રીજી મહારાજે પછી આ પ્રશ્નનો ઉત્તર કર્યો: 'જે ભગવાનનો ભક્ત થઈને એ ચાર પ્રકારની મુક્તિની ઈચ્છા રાખે તો તે સકામ ભક્ત કહેવાય અને જે એ ચતુર્ધા મુક્તિને ન ઈચ્છે ને કેવળ ભગવાનની સેવાને જ ઈચ્છે તે નિષ્કામ ભક્ત કહેવાય.' એમ કહી શ્રીજી મહારાજે શ્રીમદ્ ભાગવતના ઉપરોક્ત શ્લોકો ટાંક્યાં.

## શ્રીમદ્ ભાગવત / વચનામૃત ગ.પ્ર. ૫૪: ભાગવત ધર્મ, તેનું પોષણ અને મોક્ષનું દ્વાર

'વચનામૃત' માં (ગ. પ્ર. ૫૪) મુક્તાનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે: 'હે મહારાજ! શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં જનક રાજા અને નવ યોગેશ્વરના સંવાદે કરીને કહ્યા જે ભાગવત ધર્મ તેનું જે પોષણ તે કેમ થાય? અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે ઉઘાડું કેમ થાય?'

શ્રીજી મહારાજે સમજાવ્યું કે, 'સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.'

શ્રીજી મહારાજે કપિલ ભગવાનનો સંદર્ભ પણ આપ્યો. કપિલ ભગવાને દેવહૂતી પ્રત્યે કહ્યું છે જે:

प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधषु कृतो मोक्षद्वारमपावृत्तम् ॥

'જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.'

શ્રીજી મહારાજે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભગવાનની ભક્તિ એ ચાર સાધનોને ભાગવત ધર્મ કે એકાંતિક ધર્મ કહ્યો છે. ચાર પૂરાં હોય ત્યારે ભાગવત ધર્મ પૂરો ગણાય. આ ભાગવત ધર્મનું પોષણ એકાંતિક સતપુરુષના પ્રસંગે કરીને થાય છે. અને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.

## શ્રીમદ્ ભાગવત્ / વચનામૃત ગ. પ્ર. ૬૨: ભગવાનના ગુણ સંતને વિષે કેવી રીતે આવે?

'વચનામૃત' (ગ.પ્ર.૬૨) માં સ્વયંપ્રકાશાનંદ સ્વામી શ્રીમદ્ ભાગવત્ આધારિત એક પ્રશ્ન શ્રીજી મહારાજને પૂછે છે. શ્રીમદ્ ભાગવત કહે છે:

सत्यं शौचं दया क्षान्तिस्त्यागः सन्तोष आर्जवम् ।
शमो दमस्तपः साम्यं तितिक्षोपरतिः श्रुतम् ॥
ज्ञानं विरतिरैश्वर्यं शौर्यं तेजो बलं स्मृतिः ।
स्वातंत्र्यं कौशलं कान्तिर्धैर्यं मार्दवमेव च ॥
प्रागलभ्यं प्रश्रयः शीलं सह ओजो बलं भगः।
गांभीर्यं स्थैर्यमास्तिक्यं कीर्तिर्मानोडनहंकृतिः ॥



'સત્ય, શૌચ, દયા, ક્ષાન્તિ, ત્યાગ, સંતોષ, આર્જવ, શમ, દમ, તપ, સામ્ય, તિતિક્ષા, ઊપરતિ, શ્રુત, જ્ઞાન, વિરક્તિ, ઐશ્વર્ય, શૌર્ય, તેજ, બળ, સ્મૃતિ, સ્વાતંત્ર્ય, કાન્તિ, ધૈર્ય, માર્દવ, પ્રાગલભ્ય, પ્રશ્રય, આસ્તિક્ય, કીર્તિમાન, માન, અનહંકૃતિ, એ ઓગણચાલીશ ગુણ ભગવાનમાં રહે છે.' (ભાગ, ૯/૧૬/૨૬થી ૨૮)

સ્વયંપ્રકાશાનંદ સ્વામી પૂછે છે, ભગવાનમાં નિરંતર રહેતા ઓગણચાલીશ ગુણ સંતને વિષે કેવી રીતે આવે છે?

શ્રીજી મહારાજ પ્રત્યુત્તરમાં કહે છે જે, 'એ ગુણ સંતમાં આવ્યાનું કારણ તો એ છે જે, એને ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય તો એ કલ્યાણકારી ગુણ ભગવાનના છે, તે સંતમાં આવે.'

શ્રીજી મહારાજે યથાર્થ નિશ્ચય કેવો હોય તેની સમજૂતિ આપતાં જણાવ્યું કે, 'ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે, અને સર્વ થકી ભગવાનને જુદા જાણે, અને સર્વના નિયંતા જાણે ને સર્વના કર્તા જાણે અને એ સર્વના કર્તા થકા પણ એ નિર્લેપ છે એમ ભગવાનને જાણે.' આવો સંબંધ બંધાય ત્યારે ભગવાનના ગુણ સંતમાં આવે.'

## ભાગવત્ / વચનામૃત ગ.પ્ર. ૭૨: રાસ પંચાધ્યાયી

ભાગવતના દશમ સ્કંધમાં અધ્યાય ૨૯ થી ૩૩ રાસ પંચાધ્યાયી કહેવાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃત (ગ.પ્ર.૭૨) માં રાસ પંચાધ્યાયીનો ઉલ્લેખ કરે છે.

ભગવાન કહે છે, '.....ભગવાન જીવના કલ્યાણને અર્થે દેહ ધરે છે ત્યારે મનુષ્યના જેવી જ સર્વ

ક્રિયા હોય તેને દેખીને જે ભગવાનના ભક્ત હોય તે તો ચરિત્ર કરી જાણે અને વિમુખ જીવ હોય અથવા કાચોપોચો હરિભક્ત હોય તે તો તે ચરિત્રને વિષે દોષ પરઠે.'

આ વાત કહી ભગવાન શ્રી સ્વામિનારાયણ રાસ પંચાધ્યાયીનું ઉદાહરણ આપે છે. કહે છે, 'જેમ શુકજીએ રાસ પંચાધ્યાયીનું વર્ણન કર્યું ત્યારે રાજા પરીક્ષિતને સંશય થયો. પછી એમ પૂછ્યું જે, ભગવાન તો ધર્મની મર્યાદા સ્થાપન કરવાને અર્થે પ્રગટ થયા હતા, તેણે પરસ્ત્રીનો સંગ કરીને ધર્મનો ભંગ કેમ કર્યો? એવી રીતે દોષ લીધો અને શુકજીએ તો સમજી વિચારીને ભગવાનનું ગુણગાન કર્યું જે, કામદેવે બ્રહ્માદિક દેવતાને જીતીને પોતાને વશ કર્યા, તેનો કામદેવને અતિશય ગર્વ હતો. તે ગર્વને ઉતારવાને કાજે ભગવાને કામદેવને પડકાર્યો. તે જેમ કોઈ બળવાન રાજા હોય તે શત્રુને પોતાની ગાંઠ્યની દારુગોળી અપાવીને પછી તે સાથે લડવા જાય, તેમ ભગવાને કામદેવરૂપી શત્રુને લડ્યાનો સામાન મોરથી આપ્યો, તે શું તો કામદેવનું બળ જ્યારે સ્ત્રીનો સંબંધ હોય ત્યારે થાય. તેમાં પણ શરદઋતુને વિષે રાત્રિમાં કામદેવનું વધુ બળ થાય તથા સ્ત્રીના રાગરંગ, વિલાસના શબ્દ સાંભળવા તથા સ્ત્રીનું રૂપ જોવું, સ્ત્રીનો સ્પર્શ કરવો તેણે કરીને કામદેવનું અતિશય બળ વધે છે. એ સર્વે સામાન શ્રીકૃષ્ણ ભગવાને કામદેવને આપીને તેને જીતી લીધો અને અખંડ બ્રહ્મચારીની પેઠે ઊર્ધ્વરેતા રહ્યા અને એવી રીતે કામનો ગર્વ ઉતાર્યો. એવું અલૌકિક સામર્થ્ય ભગવાન વિના બીજામાં હોય નહિ. એવું અતિ ભગવાનનું સામર્થ્ય જાણીને શુકજીએ ભગવાનનાં ચરિત્ર ગાન કર્યા અને રાજા પરીક્ષિતને તે વાત સમજાણી નહિ ત્યારે દોષ પરઠ્યો.'

'વચનામૃત' (લોયા ૧૨) માં નિર્વિકલ્પ કનિષ્ઠ ભક્તની ચર્ચા કરતાં શ્રીજી મહારાજ રાસપંચાધ્યાયીનું ઉદાહરણ આપે છે. કહે છે, 'જેમ રાસ પંચાધ્યાયીમાં શુકજી પ્રત્યે પરિક્ષિત રાજાએ પ્રશ્ન પૂછ્યો જે, ધર્મરક્ષક ભગવાનનો અવતાર તેણે પરદારાનો સંગ કેમ કર્યો? ત્યારે તેનો ઉત્તર શુકદેવજીએ કર્યો જે, 'શુભ અશુભ ક્રિયાને કરે છે તે સર્વે ભસ્મ થઈ જાય છે.' એવી રીતે ભગવાનને નિર્લેપ એવા બ્રહ્મરૂપ જાણે, તેને કનિષ્ઠ નિર્વિકલ્પવાળો કહીએ...'

**શ્રીમદ્ ભાગવત/ વચનામૃત ગ.મ..૩ :**
**રસિક માર્ગ અને આત્મજ્ઞાન**

શ્રીમદ્ ભાગવત્ કહે છે:

कामाद् द्वेषाद्भयात्स्नेहाद्यथा भक्त्येश्वरे मनः।
आवेश्य तदघं हित्वा बहवस्तद्गतिम् गताः ॥
गोप्यः कामाद्भयात्कंसो द्वेषाच्चैद्यादयो नृपाः ॥
संबंधात् वृष्णयः स्नेहाद्यूयं वयं विभो ॥

(ભાગવત, ૭/૧/ ૨૯-૩૦)

રસિક માર્ગમાં પોતાને ગોપી માનવાની હોય છે. તેનો સીધો ભાવાર્થ એ છે કે ભગવાનને નાયક માનવાના હોય છે જ્યારે પોતાને નાયિકા. આ ભાવમાં ભગવાનને શૃંગારિક ભાવનાઓથી આરાધવાના હોય છે. તેમાં વિઘ્ન એ છે કે જ્યાં સુધી પરમાત્મા જ આ ભાવનામાં કેન્દ્રમાં હોય ત્યાં સુધી કોઈ વાંધો આવતો નથી. પરંતુ એકવાર શૃંગારિક ભાવની આદતવાળું મન થયા પછી તે આલંબન ભગવાન છે કે બીજા છે તે જોતું નથી.

વચનામૃત (ગઢડા મધ્ય ૩) માં ભગવાન સ્વામિનારાયણ કહે છે કે, 'જે ભગવાનને ભજતા હોય તેને મોટી પદવી પામ્યાના બે ઉપાય છે ને પડ્યાના બે ઉપાય છે; એક તો રસિક માર્ગે કરીને ભગવાનની ભક્તિ કરવી અને બીજો આત્મજ્ઞાન; એ બે મોટપ પામ્યાના પણ માર્ગ છે અને પડ્યાના પણ માર્ગ છે.'

શ્રીજી મહારાજ સ્પષ્ટ કહે છે, 'રસિક માર્ગે તો હજારો અને લાખો પડી ગયા છે અને ભગવાનને તો કોઈક પામ્યો હશે. મોટા આચાર્ય થયા તેમણે પણ રસિક માર્ગે કરીને ભક્તિ કરાવી છે, પણ તેમાં બગાડ ઘણાને થયો છે અને સારું તો કોઈકને થયું છે.'

આમ થવાનું કારણ પણ શ્રીજી મહારાજ આપે છે. કહે છે, 'રસિકપણે કરીને જ્યારે ભગવાનનું વર્ણન કરે ત્યારે ભગવાનભેળું રાધિકાજી તથા લક્ષ્મીજી તથા તેની સખીઓ તેનું પણ વર્ણન આવે અને જ્યારે સ્ત્રીઓનું વર્ણન આવે ત્યારે તો તેનાં અંગોઅંગનું વર્ણન થાય; ત્યારે વર્ણનના કરનારાનું મન નિર્વિકાર કેમ રહે? અને ઈન્દ્રિયોનો તો એ જ સ્વભાવ છે જે, સારો વિષય હોય તે ઉપર જ પ્રીતિ હોય અને રાધિકાજી, લક્ષ્મીજી તેના જેવું ત્રિલોકીમાં કોઈ સ્ત્રીનું રૂપ હોય નહિ અને એના જેવી કોઈની બોલી પણ મીઠી ન હોય અને એના દેહનો સુગંધ

પણ અતિશય હોય, માટે એવા રૂપને દેખીને અથવા સાંભળીને કયે પ્રકારે મોહ ન થાય? એ તો થાય જ. અને લેશમાત્ર જો મન વિકાર પામે તો તે કલ્યાણના માર્ગમાંથી પડ્યો. માટે રસિકની રીતે જે ભગવાનને ભજે તેને એ મોટું વિઘ્ન છે.'

બ્રહ્મજ્ઞાનમાં જોવા મળતી મર્યાદા સમજાવતાં શ્રીજી મહારાજ કહે છે, 'બ્રહ્મજ્ઞાનમાં તો આવી રીતે અવળું સમજાય છે જે, જે બ્રહ્મ છે તે જ પ્રકૃતિ પુરુષરૂપે થાય છે અને પછી તે જ બ્રહ્મ બ્રહ્મા, વિષ્ણુ, શિવરૂપે થાય છે ને પછી તે જ બ્રહ્મ સ્થાવર જંગમરૂપ જે આકાર તેને વિષે રહ્યા જે જીવ તે રૂપે પણ બ્રહ્મ થાય છે. એવી રીતે બ્રહ્મજ્ઞાનને અવળું સમજીને પછી સમજનારો પોતાના જીવને પણ ભગવાન જાણે છે, ત્યારે એમ સમજનારાને ઉપાસનાનો ભંગ થયો, માટે એ પણ ભગવાનના માર્ગ થકી મડ્યો. એવી રીતે પણ બ્રહ્મજ્ઞાનમાં પણ ઉપાસનાનું ખંડન થાય એ મોટું વિઘ્ન છે. કાં જે, સમજી સમજીને સર્વના કારણ અને સર્વના સ્વામી એવા જે ભગવાન તેનું જ ખંડન થયું, માટે એમ સમજનારો પણ કલ્યાણના માર્ગ થકી પડ્યો જાણવો.'

તો પછી આ બે માર્ગમાં કલ્યાણ મેળવવાનો સાચો માર્ગ પણ શ્રીજી મહારાજ બતાવે છે. 'જેમ પોતાની માતા હોય અથવા બેન હોય તથા દીકરી હોય તે ઘણી રૂપવાન હોય તોપણ તેને દેખીને મનને વિષે વિકાર થતો નથી, તેમજ તેની સાથે બોલે છે, સ્પર્શ કરે છે તો પણ મનને વિષે લેશમાત્ર વિકાર થતો નથી. એવી રીતે ભગવાનના ભક્ત જે બાઈઓ હોય તેને વિષે મા, બેન ને દીકરી તેની બુધ્ધિ રહે તો કોઈ રીતે વિકાર થાય નહિ અને રસિકમાર્ગે કરીને ભગવાનને ભજીને અભયપદને પામે.'

બ્રહ્મજ્ઞાનનો સાચો માર્ગ બતાવતાં શ્રીજી મહારાજ કહે છે, 'જે બ્રહ્મ છે તે તો નિર્વિકાર છે ને નિરંશ છે. માટે એ વિકારને પામે નહિ ને એના અંશ પણ થાય નહિ અને એ બ્રહ્મને જે સર્વરૂપે કહે છે, તેનું તો એમ છે જે, એ બ્રહ્મ જેતે પ્રકૃતિપુરુષ આદિક સર્વના કારણ છે તે આધાર છે ને સર્વને વિષે અંતર્યામી શક્તિએ કરીને વ્યાપક છે. માટે જે કારણને આધાર ને વ્યાપક હોય, તે કાર્ય થકી પૃથક હોય નહિ. એમ સમજણને લઈને એ બ્રહ્મને શાસ્ત્ર જે તે સર્વરૂપ કહે છે પણ એ જ બ્રહ્મ વિકાર પામીને ચરાચર જીવરૂપે થઈ ગયા એમ ન સમજવું અને એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમનારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે. એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી. એવી રીતે સમજે ત્યારે બ્રહ્મજ્ઞાન છે તે પણ પરમપદને પામ્યાનો નિર્વિઘ્ન માર્ગ છે.'

**શ્રીમદ્ ભાગવત/ વચનામૃત ગ. મ. ૬ : વિધિ-નિષેધ સંદર્ભ**

**तपः शौचं दया सत्यमिति पादाः कृते कृताः**

(ભાગવત્, સ્કંધ-૧, અ-૧૭, શ્લો-૨૪)

હિન્દુ સંસ્કૃતિના ચાર મુખ્ય આધારસ્તંભ છે. પહેલી બાબત તપઃ, એટલે દસ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણ તેનો નિગ્રહ. બીજી બાબત શૌચં, એટલે શુધ્ધ-અશુધ્ધ, પવિત્ર-અપવિત્ર, ચોખ્ખું-એંઠુ, દુષિત-અદુષિતાદિ વગેરે. દયા ત્રીજી બાબત, એટલે જીવ-પ્રાણી માત્રની સાથે સદ્ભાવ અને સહકારની ભાવના; મન-વાણી-કર્મથી કોઈ જીવ-પ્રાણી માત્રને દુઃખરૂપ નહિ થવું. અને ચોથી બાબત સત્યમ્, એટલે વિચાર, વાણી, વર્તન અને વ્યવહારમાં નિષ્કપટતા, નિર્દોષતા અને નિર્મળતા. આ ચાર પાયાની બાબતે સહેજે પણ ઘસારો કરવાનો શાસ્ત્રોએ નિષેધ કરેલ છે. એથી આ ચારેયના પોષણને વિધિ માનેલ છે. (આધારઃ શ્રીમદ્ વચનામૃત રહસ્ય, ભા-૨, પૃ. ૨૮)

શ્રીજી મહારાજે (વચનામૃત ગ. મ. ૬) એક પ્રશ્ન સૌને પૂછ્યો : 'આ સંસારમાં કેટલાક યવન સરખા જીવ હોય તે એમ કહે છે જે, ગંગાજીનું પાણી અને બીજું પાણી એ બેય સરખાં જણાય છે અને શાલગ્રામ ને બીજા પાણા તે સરખા જણાય છે અને તુલસી અને બીજા ઝાડ તે સરખા જણાય છે અને બ્રાહ્મણ અને શૂદ્ર તે પણ સરખા જમાય છે અને ઠાકોરજીની પ્રસાદીનું અન્ન ને બીજું અન્ન તે બેય સરખા જણાય છે અને એકાદશીને દિવસ ભૂખ્યા રહ્યા ને બીજે દિવસે ભૂખ્યા રહ્યા એ બેય સરખાં જણાય છે. બ્રાહ્મણ અને સાધુ અસાધુ એ બેય સરખા જણાય છે તે માટે આ વિધિ નિષેધનો જે વિભાગ તે મોટા પુરુષ કહેવાયા તેણે શાસ્ત્રમાં શા સારુ કહ્યો હશે?'

નાના પરમહંસોએ જવાબ આપેલો કે, 'વિધિ-નિષેધનો ભેદ સત્ય છે અને એમ ન હોય તો સ્વર્ગ-નરક કેને

માથે કહેવાય?'

શ્રીજી મહારાજ કહે, 'નાના છે પણ સારી દિશ ઉપર સમજે છે.' (ગ. મ. ૬૬)

### શ્રીમદ્ ભાગવત્ / વચનામૃત ગ. મ. ૧૦: ભગવાનનું સ્વરૂપ

શ્રીજી મહારાજ ભગવાનના સ્વરૂપની વાત કરતાં વચનામૃત (ગ. મ. ૧૦) માં કહે છે: 'શ્રીમદ્ ભાગવતમાં સાકાર બ્રહ્મનું પ્રતિપાદન છે પણ જે વાંચનારા હોય તેને જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો ભગવાનનું સ્વરૂપ શ્રીમદ્ ભાગવતમાંથી પણ નિરાકાર સમજાય છે અને દ્વિતીય સ્કંધમાં જ્યાં આશ્રયનું રૂપ કર્યું છે, ત્યાં પણ ભગવાનું સ્વરૂપ ભક્તિહીન હોય તેને નિરાકાર સમજાય છે, પણ ભગવાનનું સ્વરૂપ નિરાકાર નથી.....'

શ્રીજી મહારાજના મતે ભાગવતમાં ભગવાનનું સ્વરૂપ નિરાકાર નથી કાં જે, ભગવાન થકી જ સર્વ સ્થાવર-જંગમ સૃષ્ટિ થાય છે, તે જો ભગવાન નિરાકાર હોય તો તે થકી સાકાર સૃષ્ટિ કેમ થાય? જેમ આકાશ નિરાકાર હોય તો તે થકી જેવા પૃથ્વી થકી ઘટાદિક આકાર થાય છે તેવા થતા નથી, તેમ બ્રહ્માદિક જે સૃષ્ટિ તે સાકાર છે, તો તેના કરનારા જે પરમેશ્વર તે પણ સાકાર જ છે.

શ્રીમદ્ ભાગવતમાં 'અધ્યાત્મ, અધિભૂત અને અધિદેવ; એ ત્રણનો જે જે આધાર છે તે ભગવાનનું સ્વરૂપ છે એમ કહ્યું છે.' શ્રીજી મહારાજ આ વાત સમજાવતાં કહે છે: 'અધ્યાત્મ જે વિરાટ પુરુષમાં ઈન્દ્રિયો અને અધિભૂત જે તેનાં પંચ મહાભૂત અને અધિદેવ જે વિરાટના ઈન્દ્રિયોના દેવતા; એ સર્વે વિરાટને વિષે આવ્યાં, તો પણ વિરાટ ઊભો ન થયો પછી વાસુદેવ ભગવાને પુરુષરૂપે થઈને જ્યારે વિરાટપુરુષને વિષે પ્રવેશ કર્યો ત્યારે વિરાટપુરુષના જે અધ્યાત્મ, અધિભૂત અને અધિદેવ; તેને વિષે તદાત્મકપણે કરીને વર્તે છે અને સ્વરૂપે તો વિરાટ થકી ન્યારા છે. અને તેને જ આશ્રય કરવા યોગ્ય સ્વરૂપ કહ્યું છે.'

### શ્રીમદ્ ભાગવત/ વચનામૃત ગ.મ. ૧૧: કર્મમાત્ર ભક્તિરૂપ

શ્રીમદ્ ભાગવતમાં એક શ્લોક છે.

आमयो येन भूतानां जायते यश्च सुव्रत ।
तदेव ह्यामयं द्रव्यं न पुनाति चिकित्सितम् ।
एवं नृणां क्रियायोगाः सर्वे संसृतिहेतवः
त एवात्मविनाशाय कल्पन्ते कल्पिताः परे ॥
(ભાગવત, ૧/૫ ૩૩-૩૪)

'હે સુવ્રત! જેમ જે, ઘૃતાદિ વસ્તુ અતિ ભક્ષણ કરવાથી મનુષ્યોને જે રોગ થાય છે, તે પદાર્થ તે રોગને નિવૃત્ત કરતું નથી ઊલટું રોગને વૃધ્ધિ પમાડે છે, તેના તે ઘૃતાદિ દ્રવ્યમાં તામ્રભસ્માદિ મિશ્રિત કરેલું હોય તો તે રોગને સમગ્રપણે નિવૃત્ત કરનારું થાય છે. તેમ મનુષ્યોની સર્વે ક્રિયાઓ (વ્રત, યજ્ઞ, દાનાદિક) તેના ફળભોગને અંતે સંસ્કૃતના કારણ છે, પરંતુ તેના તે ક્રિયાયોગો પરમેશ્વરમાં ભક્તિરૂપે કલ્પ્યાં હોય તો અનાદિ અજ્ઞાનની નિવૃત્તિ પૂર્વક મોક્ષને માટે કલ્પાય છે.'

શ્રીજી મહારાજે વચનામૃત (ગઢડા મધ્ય ૧૧) માં કૃપાવાક્યો પ્રથમ કહી શ્રીમદ્ ભાગવતનો શ્લોક ટાંક્યો. શ્રીજી મહારાજ કહે છે: 'જેટલા ગ્રંથ છે તે સર્વે ગ્રંથોને સાંભળીને કેટલાક જે જીવ છે, તે એ ગ્રંથોને ધર્મ, અર્થ, કામ પર જાણે છે. પછી એમ જાણીને પોતે પણ ધર્મ, અર્થ ને કામ તેને જ અર્થે યજ્ઞ-વ્રતાદિક શુભ કર્મ કરે છે, પછી તે કર્મનું ફળ દેવલોક અથવા બ્રહ્મલોક અથવા મૃત્યુલોક તેને વિષે ભોગવીને પછી ત્યાંથી પડે છે ને નરક ચોરાશીમાં જાય છે. માટે જે જીવ ધર્મ, અર્થ ને કામને વિષે પ્રીતિ રાખીને જે જે સુકૃત કરે છે, તે સર્વે સાત્વિકી, રાજસી ને તામસી થાય છે ને તે કર્મનું ફળ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રણ લોકમાં રહીને ભોગવાય છે; પણ ગુણાતીત જે ભગવાનનું ધામ તેને પામે નહિ અને જ્યારે મોક્ષ ન થાય ત્યારે જન્મ મરણ ને નરકનું દુઃખ તે મટે નહિ. જો ધર્મ, અર્થ ને કામ સંબંધ જે ફળની ઈચ્છા તેનો ત્યાગ કરીને તેનાં તે શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે તો એ જ શુભ કર્મ છે, તે ભક્તિરૂપ થઈને કેવળ મોક્ષને અર્થે થાય છે.'

આ કૃપાવાક્યો કહી શ્રીજી મહારાજ શ્રીમદ્ ભાગવતનો ઉપરોક્ત શ્લોક ટાંકે છે. હરિજનની સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે.

### શ્રીમદ્ ભાગવત/વચનામૃત ગ. મ. ૧૬: સ્વરૂપનિષ્ઠા ને ધર્મનિષ્ઠા

'વચનામૃત' (ગ.મ.૧૬) માં મુક્તાનંદ સ્વામી શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછે છે, 'એક તો અર્જુનની પેઠે જે સ્વરૂપનિષ્ઠા અને બીજી યુધિષ્ઠિર રાજાની પેઠે જે ધર્મનિષ્ઠા, એ બે નિષ્ઠા છે, તેમાંથી જે સ્વરૂપનિષ્ઠાનું બળ રાખે તેને ધર્મનિષ્ઠા મોળી પડી જાય છે અને જે ધર્મનિષ્ઠાનું

બળ રાકે તેને સ્વરૂપનિષ્ઠા મોળી પડી જાય છે. માટે એવો શો ઉપાય છે જે, જેણે કરીને એ બેમાંથી એકે નિષ્ઠા મોળી ન પડે?'

શ્રીજી મહારાજ શ્રીમદ્ ભાગવતને આધારે જવાબ આપે છે કહે છે. 'પૃથ્વીનો ને ધર્મનો શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધને વિષે સંવાદ છે. તેમાં એમ કહ્યું છે જે, સત્ય શૌચાદિક જે કલ્યાણકારી એવા ઓગણચાલીસ ગુણ તેણે યુક્ત ભગવાનનું સ્વરૂપ છે. માટે સર્વ ધર્મ ભગવાનની મૂર્તિને આધારે રહે છે. તે સારુ ભગવાનને ધર્મધુરંધર કહ્યા છે.'

શ્રીજી મહારાજ શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધનું અન્ય એક ઉદાહરણ આપે છે. કહે છે, 'શૌનકાદિક ઋષિએ સૂત પુરાણીને પૂછ્યું જે, ધર્મના બખતરરૂપ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે અંતર્ધાન થયા પછી ધર્મ કેને શરણે રહ્યો? માટે ધર્મ તે ભગવાનની મૂર્તિને આશરે જ રહે છે. તે સારુ જે ભગવાની મૂર્તિને વિષે નિષ્ઠા રાખે તેને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં રહે એટલે તેના હૃદયમાં ધર્મ પણ રહે. માટે જે સ્વરૂપનિષ્ઠા રાખે તેને ધર્મનિષ્ઠા સહેજે જ રહે અને એકલી ધર્મનિષ્ઠા રાખીએ તો સ્વરૂપનિષ્ઠા મોળી પડી જાય છે. તે કારણનિષ્ઠા જ દૃઢ કરીને રાખવી તો તે ભેળી ધર્મનિષ્ઠા પણ દૃઢપણે રહેશે.'

### શ્રીમદ્ ભાગવત/ વચનામૃત ગ.મ. ૩૦: સોનું ને સ્ત્રી બંધન કર્તા ને તેનાથી મુક્તિ અંગે

શ્રીજી મહારાજે 'વચનામૃત' માં કહ્યું છે કે, 'શ્રીમદ્ ભાગવત આદિક જે સચ્છાસ્ત્ર એ સત્ય છે.' (ગ.મ. ૩૦)

શ્રીજી મહારાજ આ વાત અંગે ઉદાહરણ આપે છે. કહે છે, 'જુઓને, શ્રીમદ્ ભાગવતમાં સુવર્ણને વિષે કળીનો નિવાસ કહ્યો છે.' શ્રીજી મહારાજ કહે છે, 'તે સુવર્ણ અમને દીઠું ગમતું નથી. અને જેવું બંધનકારી સુવર્ણ છે તેવું જ બંધનકારી રૂપ પણ છે. કેમ કે, જ્યારે રૂપવાન સ્ત્રી હોય ને તે સભામાં આવે ત્યારે ગમે તેવો ધીરજવાન હોય તેની પણ દૃષ્ટિ તેના રૂપને વિષે તણાયા વિના રહે નહિ. માટે સોનું અને સ્ત્રી એ બે બંધનકારી છે.'

'વચનામૃત' (ગ.મ. ૨૫) માં પણ શ્રીજી મહારાજ કહે છે: '.....એ તો ગમે તેવો સમાધિનિષ્ઠ હોય અથવા વિચારવાન હોય ને તે પણ જો સ્ત્રીઓના પ્રસંગમાં રહેવા માંડે તો એનો ધર્મ કોઈ રીતે રહે જ નહિ અને ગમે



તેવી ધર્મવાળી સ્ત્રી હોય ને તેને જો પુરુષનો સહવાસ થાય તો એનો પણ ધર્મ રહે જ નહિ. અને એવી રીતે સ્ત્રી-પુરુષને પરસ્પર સહવાસ થાય ને એનો ધર્મ રહે એવી તો આશા જ રાખવી નહિ.....'

શ્રીજી મહારાજ આપણા ઉપર કૃપા પણ કરે છે. સોનું ને રૂપુ બંને બંધનકારી ખરું પણ એનાથી છૂટવાનો માર્ગ પણ શ્રીજી મહારાજ બતાવે છે. કહે છે, 'એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય જ્યારે પ્રકૃતિ પુરુષ થકી પર એવું જે શુધ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ ભગવાન તેનું પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ભજન કરે અને એ બ્રહ્મ થકી ઓછું જે પ્રકૃતિ ને પ્રકૃતિનું કાર્યમાત્ર, તેને અસત્ય જાણે ને નાશવંત જાણે ને તુચ્છ સમજે ને માયિક જે નામરૂપ તેને અતિશય દોષદૃષ્ટિ રાખે ને તે સર્વ નામરૂપને વિષે અતિશય વૈરાગ્ય પામે, તેને સોનું ને સ્ત્રી બંધન ન કરે અને બીજાને તો જરૂર બંધન કરે.' (ગ.મ. ૩૦)

### શ્રીમદ્ ભાગવત/ વચનામૃત ગ.મ. ૪૨ : ભગવાનનું સગુણ-નિર્ગુણપણું

શ્રીમદ્ ભાગવતમાં બ્રહ્માજીની સ્તુતિમાં કહ્યું છે કે:

क्वाहं तमोमहदहंखंस्वचराग्निवार्भू
संवेष्टिताण्डघटसप्तवितस्तिकायः।
क्वेदृग्विधाविगणिताण्डपराणुचर्या
वाताध्वरोमविवरस्य च ते महित्वम्॥

ભાગવત, ૧૦-૧૪-૧૧ 'તમારા રોમ છિદ્રમાં અનંતકોટી બ્રહ્માંડો અષ્ટઆવરણ સહિત ઊડતા ફરે છે એવા મહિમાવાળા તમે ક્યાં ને હું ક્યાં? માટે ભગવાનના એક એક રોમમાં બ્રહ્માંડો રહ્યાં છે તે કેવી રીતે રહ્યાં? ભગવાન તો મનુષ્ય જેવા જ દેખાય છે.

વચનામૃત (ગ.મ. ૪૨) માં શ્રીમદ્ ભાગવતના

ઉપરોક્ત શ્લોકનો ભાવ વણી લઈ ભગવદાનંદ સ્વામી શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછે છે: 'ભગવાનના એક એક રોમને વિષે અનંતકોટિ બ્રહ્માંડ રહ્યાં છે તે કેવી રીતે રહ્યાં છે? અને બ્રહ્માંડમાં કયે કયે ઠેકાણે ભગવાનના અવતાર થાય છે?'

શ્રીજી મહારાજે આ પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું, 'પુરુષોત્તમ ભગવાનનું જે અક્ષરધામ તેના બે ભેદ છે, એક સગુણપણું અને બીજું નિર્ગુણપણું અને પુરુષોત્તમનારાયણ છે તેને તો સગુણ પણ ન કહેવાય અને નિર્ગુણ પણ ન કહેવાય સગુણ-નિર્ગુણ ભેદ તો અક્ષરને વિષે છે. તે અક્ષર નિર્ગુણપણે તો અણુ થકી પણ અતિ સૂક્ષ્મરૂપે છે અને સગુણ સ્વરૂપે તો જેટલું મોટું પદાર્થ કહેવાય તે થકી પણ અતિશય મોટું છે....... તેમ પુરુષોત્તમ ભગવાન બ્રહ્માંડ પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ, ત્યાં તેવા રૂપને અક્ષરધામમાં રહ્યા થકા પ્રકાશે છે અને પોતે તો સદાય અક્ષરધામમાં રહે છે અને જ્યાં એ પુરુષોત્તમની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે.....'

### શ્રીમદ્ ભાગવત / વચનામૃત ગ.મ. ૪૩ : બ્રહ્મસ્વરૂપ પ્રીતિનું

શ્રીમદ્ ભાગવતમાં શુકદેવજીના ચરિત્રમાં કહ્યું છે કે:

आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थम्भूतगुणो हरि ॥
(૧-૭-૧૦)

તથા

परिनिष्ठीतोऽपि नैर्गुण्ये उत्तमश्लोकलीलया ।
गृहितचेता राजर्षे आख्यानं यदधीतवान ॥

શુકદેવજી બ્રહ્મરુપ સ્થિતિને પામ્યા હતા. તેમને જગતસુખની કોઈ સ્પૃહા ન હતી. પૂર્ણ આત્મસુખમાં તલ્લીન હતા. ગુણાતીત સ્થિતિને પામી ગયા હતા. તો પણ પરમાત્માના સ્વરૂપથી ખેંચાઈને ' गृहित चेता 'ભાગવતનું અધ્યયન અને ભગવાનના ચરિત્રોનું ગુણગાન કર્યું.

(વચનામૃત ચિંતન, ગઢડામધ્ય પ્રકરણ, ગ.મ. ૪૩, પૃ. ૧૪૮)

શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'મધ્વાચાર્ય, નિંબાર્ક ને વલ્લભાચાર્ય એમણે આત્મારૂપે રહીને જે ભગવાનને વિષે પ્રીતિ કરવી એ પ્રીતિને બ્રહ્મસ્વરૂપ કહી છે. માટે ગુણાતીત થઈને જે ભગવાનને વિષે પ્રીતિ કરે છે એ જ બ્રહ્મસ્વરૂપ છે. એમ મોટા મોટા આચાર્યોનો સિધ્ધાંત છે.' (ગ.મ. ૪૩)

### શ્રીમદ્ ભાગવત/ વચનામૃત ગ.મ. ૪૮: સંતના મધ્યે જન્મ ધરવાનું

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે,

त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठ
स्मृतिरजितात्म सुरादिभिर्विमृग्यात् ।
न चलति भगवत्पदारविन्दाल्
लवनिमिषार्धमपि स वैष्णवाग्र्यः ॥

'જે કોઈ ત્રિલોકની સમૃધ્ધિ આપે તો પણ દેવતાઓને પણ ખોળવા યોગ્ય એવા પરમાત્માના ચરણની અખંડ સ્મૃતિ થકી એક ક્ષણ ચલાયમાન ન થાય તે સર્વ વૈષ્ણવોમાં અગ્રણી ગણાય છે.'

શ્રીજી મહારાજ વચનામૃત (ગ.મ. ૪૮) માં પ્રેમાનંદ સ્વામીના કંઠે ગવાયેલ 'વંદુ સહજાનંદ રસરુપ અનુપમ સારને રે લોલ' ગરબી સાંભળ્યા પછી કહે, '......આ સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે, આવી રીતે એને ભગાવનની મૂર્તિનું ચિંતવન છે. માટે એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીએ.'

શ્રીજી મહારાજે આ વચનામૃતમાં, પ્રેમાનંદ સ્વામીના ઉલ્લેખ થકી, સંત-જીવનને અદ્‌ભૂત બિરદાવ્યું છે. પોતે કહે છે: '......અને અમારે પણ એ જ અંતરમાં વાસના છે જે, આ દેહને મૂકશું પછી કોઈ રીતનું જન્મ થવાનું નિમિત્ત તો નથી તો પણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો.'

### શ્રીમદ્ ભાગવત/ વચનામૃત ગ.મ. ૫૪: સત્સંગ

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉધ્ધવજીને કહ્યું કે :

न रोधयति मां योगो न साङ्ख्यं धर्म एव च ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तिं न दक्षिणा ॥
व्रतानि यज्ञश्छन्दांसि तीर्थानि नियमा यमाः ।
यथावरुन्धे सत्संगः सर्वसंगापहो हि माम् ॥

'અષ્ટાંગયોગ, સાંખ્ય, તપ, ત્યાગ તીર્થ, વ્રત, યજ્ઞ, અને દાનાદિક એણે કરીને હું તેવો વશ થતો નથી જેવો સત્સંગે કરીને વશ થાઉં છું.' એમ ભગવાને કહ્યું છે. એમ

જણાવી શ્રીજી મહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, માટે સર્વ સાધન કરતાં સત્સંગ અધિક થયો તે જેને સર્વ સાધાન થકી સત્સંગ અધિક જાણતાં હોય તે પુરુષનાં કેવાં લક્ષણ હોય? (ગ.મ. ૫૪)

શ્રીજી મહારાજના પ્રશ્નનો સર્વ મુનિજન યથાર્થ ઉત્તર ન કરી શક્યા, એટલે શ્રીજી મહારાજે ઉત્તરમાં જણાવ્યું કે, 'જેને ભગવાનના સંતને વિષે જ આત્મબુધ્ધિ છે, જેમ કોઈક રાજા હોય ને તે વાંઝિયો હોય ને પછી તેને ઘડપણમાં દીકરો આવે, પછી તે છોકરો તેને ગાળો દે, મૂછો તાણે તો પણ અભાવ આવે નહિ અને કોઈકના છોકરાને મારે તથા ગામમાં અનીતિ કરી આવે તો પણ કોઈ રીતે તેનો અવગુણ આવે જ નહિ. શા માટે જે એ રાજાને પોતાના દીકરાને વિષે આત્મબુધ્ધિ થઈ ગઈ છે. એવી જેને ભગવાનના ભક્તને વિષે આત્મબુધ્ધિ થાય છે, તેણે જ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે.' (ગ.મ.૫૪)

શ્રીજી મહારાજ આ સંદર્ભે શ્રીમદ્ ભાગવતનો એક શ્લોક પણ કહે છે.

यस्यात्मबुद्धिः कुणपे त्रिधातुके स्वधीः
कलत्रादिषु भौम इज्यधीः।
यत्तीर्थबुद्धिः सलिले न
कर्हिचिज्जनेष्वभिज्ञेषु स एव गोखरः॥

'જે પુરુષને વાત પિત્ત અને શ્લેષ્મરૂપ ત્રણ ધાતુમય શરીરમાં આત્મબુધ્ધિ છે અને સ્ત્રી પુત્રાદિકમાં આત્મીયબુધ્ધિ છે અને ભૂમિના વિકારભૂત પ્રતિમાદિકમાં પૂજનીય દેવતાબુધ્ધિ છે અને જળમાં તીર્થબુધ્ધિ છે, તે પુરુષને જો આત્મબુધ્ધિયાદિક બુધ્ધિયો ભગવાનના એકાંતિક જ્ઞાની ભક્તમાં ન હોય તો તેને પશુઓમાં પણ કનિષ્ઠ ગધેડો જાણવો.'

પુરાણી દેવપ્રસાદદાસજી સ્વામીએ 'વચનામૃત ચિંતન' (ગઢડા મધ્ય પ્રકરણ, ગ.મ. ૫૪નું વિવરણ) માં શ્રીજી મહારાજના જવાબને સરળ દૃષ્ટાંતો આપી સમજાવ્યો છે. તેઓ પ્રથમ નારદજીનું ઉદાહરણ આપે છે. 'કહેવાય છે કે નારદજી એક વખત વૈકુંઠમાં ભગવાનના દર્શને ગયા ને ભગવાનને પ્રાર્થના કરી કે, મહારાજ મને સત્સંગનો યથાર્થ મહિમા કહો. ત્યારે ભગવાને સ્વયં કાંઈ ન કહ્યું પણ નારદજીને જંગલમાં એક કાચિંડા પાસે મોકલ્યા. નારદજીએ ત્યાં જઈને કહ્યું કે- 'भो भो कुकलासः...' તું મને સત્સંગનો મહિમા કહે. આમ કહેતાં તો નારદજીની નજર સામે કાચિંડો તરફડી મૃત્યુ પામ્યો. નારદજી પાછા ભગવાન પાસે ગયા. વળી પોપટ, વાછરડો, રાજાનો કુંવર વગેરે જગ્યાએ નારદજીને મોકલ્યા. દરેક જગ્યાએ એ જ પરિસ્થિતિ થઈ. નારદજી કહે, 'મહારાજ! આ બધાને મરાવો છો શા માટે? આપ જ કહોને?' ત્યારે ભગવાને સ્પષ્ટતા કરી કે, નારદજી! હું આ બધાને મરાવતો નથી. સત્સંગનો મહિમા આપને સમજાવું છું. આપ જેવા સત્પુરુષનો લવ સત્સંગ થવા માત્રથી તે જીવ ઉર્ધ્વગતિ, પામી વૈકુંઠના અધિકારી બન્યા છે.'

પુરાણી દેવપ્રસાદજી સ્વામીએ બીજું ઉદાહરણ વિશ્વામિત્ર અને વસિષ્ઠજીની કથાનું આપ્યું છે. વસિષ્ઠજી વિશ્વામિત્રના આશ્રમ ગયા તો સન્માનમાં ૬૦ હજાર વર્ષનું તપ અર્પણ કર્યું. ફરી પછી વિશ્વામિત્રજી વસિષ્ઠ મુનિના આશ્રમે ગયા તો વસિષ્ઠજીએ લવ સત્સંગનું ફળ અર્પણ કર્યું. વિશ્વામિત્રને ખોટું લાગ્યું. સમાધાન માટે શેષજી પાસે ગયા. શેષજી કહે, તમો મારા શિર પર પૃથ્વીનો ભાર છે તો તમારું તપ ક્રમશઃ મૂકો, જેથી પૃથ્વી ઊંચી થાય અને મને વિશ્રાંતિ થાય. તે પછી સમાધાન કરીએ. પ્રથમ તપ મૂક્યું તો પૃથ્વી ઊંચી ન થઈ. પછી લવ સત્સંગનું ફળ મૂક્યું. તો પૃથ્વી ઊંચી થઈ. વિશ્વામિત્રજી કહે, હવે નિર્ણય આપો. ત્યારે શેષજી કહે, નિર્ણય થઈ ચૂક્યો છે. પૃથ્વી ઊંચી થઈ અને ન થઈ એ જ નિર્ણય છે. માટે ૬૦ હજાર વર્ષનું તપ કરતાં પણ લવ સત્સંગનું ફળ વધારે છે.' (પૃ.૧૮૩-૮૪)

**શ્રીમદ્ ભાગવત્ / વચનામૃત ગ.મ. ૬૨ઃ કામ જીત્યાનું**

શ્રીમદ્ ભાગવતનો પ્રસંગ શ્રીજી મહારાજે વચનામૃત (ગ.મ. ૭૩) માં વર્ણવ્યો છેઃ શ્રીકૃષ્ણ ભગવાને સ્ત્રીઓને સંગે રહીને કામને જીત્યો અને જ્યારે દુર્વાસા ઋષિ આવ્યા ત્યારે ભગવાનને સર્વ ગોપીઓને અન્નના થાળ ભરીને મોકલવા માંડી ત્યારે ગોપીઓ બોલી જે, અમે યમુનાજી કેમ ઉતરીશું? પછી શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે, જો શ્રીકૃષ્ણ સદા બાળબ્રહ્મચારી હોય તો અમને માર્ગ દેજ્યો. પછી ગોપીઓએ એમ કહ્યું ત્યારે યમુનાજીએ માર્ગ દીધો. પછી સર્વે ગોપીઓ ઋષિને જમાડીને બોલી જે, અમારે આડા યમુનાજી છે તે અમે ઘરે કેમ કરીને જઈશું? પછી ઋષિએ કહ્યું જે, કેમ કરીને આવ્યા હતા? પછી ગોપીઓએ

કહ્યું જે, અમે યમુનાજીને એમ કહ્યું જે, શ્રીકૃષ્ણ સદા બ્રહ્મચારી હોય તો માર્ગ દેજ્યો. એટલે યમુનાજીએ માર્ગ દીધો. પણ હવે કેમ કરીને ઘરે જઈએ? પછી દુર્વાસા ઋષિ બોલ્યા જે, યમુનાજીને એમ કહેજો જે, દુર્વાસા ઋષિ સદા ઉપવાસી હોય તો માર્ગ દેજ્યો. પછી ગોપીઓએ એમ કહ્યું ત્યારે યમુનાજીએ માર્ગ દીધો. ત્યારે ગોપીઓના મનને વિષે અતિ આશ્ચર્ય થયું. પણ ભગવાનનો તથા તે ઋષિનો જે મહિમા તેને જાણી ન શકી. ભગવાન તો નૈષ્ઠિક વ્રત રાખીને ગોપીઓને સંગે રમ્યા હતા, માટે બ્રહ્મચારી હતા. અને દુર્વાસા ઋષિ તો વિશ્વાત્મા જે શ્રીકૃષ્ણ ભગવાન તેને વિષે પોતાના આત્માને એક કરીને સર્વે ગોપીઓના થાળ જમી ગયા માટે ઋષિ પણ ઉપવાસી જ હતા અને અન્ન તો સર્વે ભગવાનને જમાડ્યું હતું. માટે એવા મોટા હોય તેની ક્રિયા કળ્યામાં આવે નહિ.

શ્રીકૃષ્ણ ભગવાને સ્ત્રીઓને સંગે રહીને કામ જીત્યો હતો એ મુદ્દાના અનુસંધાને ઉપરોક્ત ઘટના શ્રીજી મહારાજે વર્ણવી હતી.

શુકાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન કરેલો કે, 'દ્વારિકામાં સોળ હજાર એકસોને આઠ જે ભગવાનની સ્ત્રીઓ હતી તેમાં એક એક સ્ત્રીને વિષે દસ દસ પુત્ર અને એક એક પુત્રી થઈ એમ પણ કહ્યું છે તેનું કેમ સમજવું?'

શ્રીજી મહારાજે સ્પષ્ટ કર્યું કે, દ્વારિકાની વાત બીજી છે અને વ્રજની વાત પણ બીજી છે. શ્રીજી મહારાજે સમજાવ્યું કે, દ્વારિકામાં તો ભગવાન સાંખ્ય મતને આશર્યા હતા. જે સાંખ્ય મતવાળા હોય તે દેહ, ઈન્દ્રિયો, મન એ સર્વ થકી પોતાનું સ્વરૂપ ભિન્ન સમજે અને સર્વ ક્રિયા કરતા થકી પોતાને અકર્તા સમજે ને તે ક્રિયાએ કરીને હર્ષ શોકને પામે નહિ. એ મતને ભગવાન આશર્યા હતા.

શ્રીજી મહારાજે વધુમાં સમજાવ્યું કે, ભગવાન દ્વારિકામાં જે સાંખ્ય મતને આશર્યા હતા તે મત તો જનક જેવા રાજાઓનો છે. જે રાજા ગૃહસ્થાશ્રમમાં રહીને પ્રભુને ભજે તે જ સાંખ્ય મતને અનુસરે. એમ ભગવાન પણ ગૃહસ્થાશ્રમમાં હતા અને દ્વારિકાના રાજા કહેવાતા હતા. માટે સાંખ્ય મતને અનુસર્યા થકી એમ નિર્લેપ હતા.

શ્રીજી મહારાજે એમ પણ કહ્યું કે, ભગવાન શ્રીકૃષ્ણ વૃંદાવનને વિશે તો યોગકળાને આશર્યા હતા તે સ્ત્રીઓનો સંગ કરીને પણ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત રાખ્યું. એ ઠેકાણે તો પોતાને વિશે નરનારાયણ ઋષિપણું દેખાડ્યું. શ્રીમદ્ ભાગવતમાં કપિલદેવે દેવહૂતી પ્રત્યે કહ્યું છે જે, સ્ત્રીરૂપ જે મારી માયા તેને જીતવાને અર્થે નરનારાયણ ઋષિ વિના બીજો કોઈ સમર્થ નથી. સાંખ્યવાળાને ખોળીએ તો હજારો જડે પણ યોગકળાએ કરીને ઊર્ધરેતા હોય એવા તો એક નરનારાયણ જ છે.

શ્રીજી મહારાજે પોતે પણ કામ જીત્યો હતો. એનો ખ્યાલ આપતાં પોતે કહે છે, 'જ્યારે અમે નાના હતા ત્યારે એમ સાંભળ્યું હતું જે વીર્ય તો પરસેવા દ્વારે કરીને પણ નીકળી જાય છે. પછી તે વીર્યને ઊર્ધ્વ રાખવાને સારુ અમે બે પ્રકારની જળ બસ્તિ શીખ્યા હતા અને કુંજરક્રિયા શીખ્યા હતા અને કામને જીત્યા સારુ કેટલાક આસન શીખ્યા હતા અને રાત્રિએ સુતા ત્યારે ગોરખ આસન કરીને સૂતા જેણે કરીને સ્વપ્નમાં પણ વીર્યનો પાત થવા પામે નહિ. પછી તે કામ જીત્યાનું એવું સાધન કર્યું જે શરીરમાંથી પરસેવો જ નીકળે નહિ અને ટાઢ-તડકો પણ લાગે નહિ. પછી અમે રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે પરસેવો વળ્યા સારુ બધે શરીરે આવળના પાટા બંધાવ્યા હતા તો પણ શરીરમાં પરસેવો આવ્યો નહિ. માટે કામ જીત્યાનું સાધન તો સૌથી ઘણું કઠણ છે.'

### શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ/ વચનામૃત ગ..મ. ૬૬ : જીવ

શ્રીજી મહારાજે વચનામૃત (ગ.મ. ૬૬) માં બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો, 'આ દેહને વિશે જીવ છે તે સાકાર છે કે નિરાકાર છે?' બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે, જીવ સાકાર છે.

આ પ્રશ્નની છણાવટ કરતાં શ્રીજી મહારાજ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના વેદસ્તુતિ અધ્યાયમાં જે કહ્યું તે કહે છેઃ 'ભગવાન જે તે જીવના કલ્યાણને અર્થે તે જીવનાં બુધ્ધિ, ઈન્દ્રિય, મન ને પ્રાણ તેને સૃજતા હવા.' પછી બોલ્યા, 'જો જીવ સાકાર હોય તો કરચરણાદિકે યુક્ત થયો. તે જો જીવ સાકાર જ હોય તો તેને અર્થે બુધ્ધિ, ઈન્દ્રિય, મન, પ્રાણ સૃજ્યાનું શું કામ છે? માટે એવી રીતનાં શાસ્ત્રનાં વચનને જોતાં એમ જ નિર્ધાર થાય છે જે, જીવ જે તે સ્વરૂપ-સ્વભાવે કરીને તો સત્તામાત્ર છે, ને ચૈતન્યવસ્તુ છે અને અનાદિ અજ્ઞાનરૂપ એવું જે કારણ શરીર તેણે યુક્ત છે અને જેમ ચમકપાણ હોય તે લોઢાને તાણીને લોઢા સાથે

ચોટી રહે છે તેમ એ જીવનો પણ ચોટવાનો સ્વભાવ છે, તે માયિક એવાં જે સ્થૂળ ને સૂક્ષ્મ, એ બે શરીર,તે સાથે ચોંટે છે અને એ જીવ અજ્ઞાને કરીને તે શરીરને વિશે પોતાપણું માને છે, પણ વસ્તુગતે તો એ જીવ શરીર જેવો નથી.'

### શ્રીમદ્ ભાગવત્ / વચનામૃત ગ. અં. ૫: માહાત્મ્યેયુક્ત ભક્તિ

મુક્તાનંદ સ્વામી પ્રશ્ન કરે છે: 'ભગવાનની જે ભક્તિ છે તેમાં કોઈ રીતનું વિઘ્ન ન થાય; એવી તે કઈ ભક્તિ છે? અને જે ભક્તિમાં કંઈ વિઘ્ન થાય છે તે કઈ જાતની ભક્તિ છે?'

આ પ્રશ્નના જવાબમાં શ્રીજી મહારાજ કહે છે, 'શ્રીમદ્ ભાગવત્ તૃતીય સ્કંધમાં કપિલગીતાને વિષે માતા દેવહૂતિએ કપિલજી પ્રત્યે કહ્યું જે-

यन्नामधेयश्रवणानुकीर्तनाद्यत् प्रह्वणाद्यत्स्मरणादपि क्वचित् ।
श्वादोऽपि सद्यः सवनाय कल्पते कथं पुनस्ते भगवन्नु दर्शनात् ॥'

(ભા.-૩/ ૩૩/ ૬)

'જે ભગવાનનું નામ સાંભળવાથી, કીર્તનથી, સ્મરણથી અત્યંજ પણ યજ્ઞ કરવાની પવિત્રતાને પામી જાય છે. તો તે ભગવાનના દર્શનથી પવિત્ર બની જાય એમાં કહેવું શું?'

શ્રીજી મહારાજ આગળ કહે છે: '....... કપિલજીએ માતા દેવહૂતિ પ્રત્યે પોતાનું માહાત્મ્ય કહ્યું છે:

मद्भयाद्वातिवातोऽयं सूर्यस्तपति मद्भयात् ।
वर्षतीन्द्रो दहत्यग्निर्मृत्युश्चरति मद्भयात् ॥

(ભાગ.૩/૨૫/૪૨)

'મારા ભયથી આ પવન વાય છે, સૂર્ય તપે છે, વરસાદ વરસે છે, અગ્નિ બાળે છે અને કાળ બધાનો અંત લાવે છે.' શ્રીજી મહારાજ પણ કહે છે: એવી રીતે માહાત્મ્ય સહિત ભગવાનની ભક્તિ હોય તેમાં તો કોઈ જાતનું વિઘ્ન આવે નહિ અને માહાત્મ્ય જાણ્યા વિના પ્રાકૃત બુધ્ધિએ કરીને જો ભક્તિ કરે તો તેમાં વિઘ્ન આવે છે. (ગ.અં.૫)

### શ્રીમદ્ ભાગવત્ / વચનામૃત ગ.અં. ૧૦: ભરતજીના આખ્યાનનું માહાત્મ્ય

શ્રીજી મહારાજના મતે, 'શ્રીમદ્ ભાગવતમાં જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે, તેવી તો કોઈ કથા ચમત્કારી નથી.'

ભરતજી તો ઋષભદેવ ભગવાનના પુત્ર હતા. તે ભગવાનને અર્થે સમગ્ર પૃથ્વીનું રાજ્ય ત્યાગ કરીને વનમાં ગયા હતા. અને ત્યાં ભગવાનનું ભજન કરતા થકા મૃગલીના બચ્ચાને વિષે પોતાને હેત થયું, ત્યારે તે મૃગને આકારે પોતાના મનની વૃત્તિ થઈ ગઈ. પછી એવા મોટા હતા તો પણ તે પાપે કરીને મૃગનો અવતાર મળ્યો... અને ભરતજી જ્યારે મૃગના દેહનો ત્યાગ કરીને બ્રાહ્મણને ઘેર અવતર્યા ત્યારે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય તેની બીકે કરીને સંસારના વ્યવહારમાં ચિત્ત દીધું જ નહિ ને જાણીને ગાંડાની પેઠે વર્ત્યા અને જે પ્રકારે ભગવાનમાં અખંડ વૃત્તિ રહે તેમજ રહેતા

શ્રીજી મહારાજે ભરતજીનું આખ્યાન કહી કહ્યું કે, '......માટે અનંત પ્રકારના પાપ છે પણ તે સર્વ પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત કરવું તે અતિ મોટું પાપ છે.'

### શ્રીમદ્ ભાગવત્ ધર્મ / વચનામૃત ગ.અં. ૨૧, ગ.મ. ૪ : ભાગવત ધર્મ

શ્રીજી મહારાજ કહે છે, '......ભગવાનના સંબંધે સહિત જે ધર્મ છે તે તો નારદ, સનકાદિક, શુકજી, ધ્રુવ, પ્રહ્લાદ, અંબરીષ એ આદિક જે ભક્તજન છે તેનો છે; અને એ ધર્મને જ ભાગવત્ ધર્મ કહે છે - તથા એકાંતિક ધર્મ કહે છે ને તે ધર્મ અને ભક્તિ તો બે નથી, એક જ છે..'

શ્રીજી મહારાજના મતે આ 'ભાગવત ધર્મ અને ભક્તિના સ્થાપનને અર્થે ભગવાનના અવતાર થાય છે...'

શ્રીજી મહારાજ એમ પણ સ્પષ્ટ કહે છે કે, 'જે કેવળ વર્ણાશ્રમના ધર્મ છે તે તો ભાગવત્ ધર્મ થકી અતિશય ગૌણ છે....'

શ્રીજી મહારાજ ભાગવત ધર્મનું ફળ સમજાવતાં કહે છે, '....ભાગવત્ ધર્મે કરીને તો જીવ જે તે ભગવાનની માયાને તરીને પુરુષોત્તમધામને પામે છે. માટે ભાગવત્ ધર્મ અને ભક્તિ એનું તો એકસરખું ગૌરવ છે....'
શ્રીમદ્ ભાગવતનો એક શ્લોક છે:

त्यक्त्वा स्वधर्मंचरणाम्बुजं हरेर्भजन्नपक्वोऽथ पतेत्ततो यदि ।
यत्र क्व वाभद्रमभूदमुष्य । किं कोवार्थ आप्तोऽभजतां स्वधर्मतः ॥

(ભાગ., ૧/૫/૧૭)

'પોતાનો ધર્મ ત્યાગ કરીને પણ ભગવાનનું ભજન કરે છે ને કદાચ અપક્ષ રહી ગયો તો પણ શું તેનું કાંઈ અકલ્યાણ થાય છે? નથી થતું. તેમજ પોતાનો ધર્મ પાળે છે. પણ ભગવાનને નથી ભજતો તો તે શું કોઈ વસ્તુ પામે છે?

નથી પામતો. વળી વર્ણાશ્રમના ધર્મનું તો કેવળ લોકવ્યવહાર અને આ લોકમાં સુખી રહેવાય તેટલું જ ફળ છે પણ તેણે કરીને મોક્ષ થતો નથી.'

શ્રીજી મહારાજ વચનામૃત (ગ.મ.૪) માં કહે છે: '.......જે ભગવાનનો મહિમા અતિશય જાણતો હોય તેને તો આવી રીતે સમજાય ત્યારે ધર્મમાં રહેવાય જે, મારે તો અખંડ ભગવાનનું ચિંતવન કરીને એકાંતિક ભક્ત થવું છે અને જો કામ, ક્રોધ, લોભાદિક વિકારને વિશે મારી વૃત્તિ જશે, તો મારે ભગવાનના ચિંતવનમાં એટલો વિક્ષેપ થશે; એમ જાણીને કુમાર્ગ થકી અતિશય જ ડરતો રહે અને અધર્મને વિશે કોઈ કાળે પ્રવર્તે જ નહિ. એવી રીતે સમજે તો ભગવાનનું મહાત્મ્ય અતિશય સમજતો હોય તો પણ ધર્મમાંથી કોઈ કાળે પડે નહિ અને ભગવાનનું જે અખંડ ચિંતનવ કરતાં કરતાં જો દેહ મૂકે તો તે અતિ મોટી પદવીને પામે છે..'

### શ્રીમદ્ ભાગવત / વચનામૃત વરતાલ ૧ : નિર્વિકલ્પ સમાધિ

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છેઃ

अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।
मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥

શ્રીજી મહારાજ કહે છે, આ શ્લોકોમાં નિર્વિકલ્પ સમાધિની અન્ય એક રીત કહી છે. પ્રાણનો નિરોધ થાય ત્યારે જ સમાધિ થાય એમ નથી.

શ્રીજી મહારાજ કહે છે, 'આ શ્લોકનો અર્થ એમ છે જે, વિશ્વના સર્ગવિસર્ગાદિક જે નવ લક્ષણ, તેણે કરીને જાણ્યામાં આવે એવું આશ્રયરૂપ જે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ, તેને વિષે જે મુમુક્ષુની અચલગતિ થઈ....... ને તેમાં કોઈ જાતનો કુતર્ક ન થાય તો તે પુરુષના પ્રાણ લીન ન થયા હોય તો પણ નિર્વિકલ્પ સમાધિ છે.'

સવિકલ્પ સમાધિ અંગે શ્રીજી મહારાજ કહે છે, 'જેને એ ભગવાનના સ્વરૂપમાં સંકલ્પ- વિકલ્પ રહેતા હોય એવાને જો દૈવ ઈચ્છાએ કરીને સમાધિ થાય તો પણ સંકલ્પ-વિકલ્પ મટે નહિ અને સમાધિમાં જે જે દેખાય તેથી નવું નવું જોવાને ઈચ્છે પણ મનના વિકલ્પ મટે નહિ, એવો હોયે તેને સમાધિ છે તો પણ સવિકલ્પ છે ને સમાધિ ન હોય તોય સવિકલ્પ છે.'

### શ્રીમદ્ ભાગવત્ /વચનામૃત વડતાલ ૨ : ભગવાનનું સ્વરૂપ

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છેઃ

वासुदेवपरा वेदा वासुदेवपरा मखाः।
वासुदेवपरा योगा वासुदेवपराः क्रियाः॥
वासुदेवपरं ज्ञानं वासुदेवपरं तपः।
वासुदेवपरो धर्मो वासुदेवपरा गतिः ॥
(ભાગ., સ્કંધ ૧, અ.૨, શ્લોક-૨૮, ૨૯)
नारायणपरा वेदा देवा नारायणार्गजाः।
नारायणपरा लोका नारायणपरा मखाः॥
नारायणपरो योगो नारायणपरं तपः ।
नारायण परं ज्ञानं नारायणपरा गतिः ॥
(ભાગ., સ્કંધ ૨, અ.૫, શ્લોક-૧૫, ૧૬)

શ્રીજી મહારાજ કહે છે, 'વેદમાં તો ભગવાનું સ્વરૂપ બહુ રીતે વર્ણવીને નારાયણે પોતે પોતાને મુખે કહ્યું છે પણ તે કોઈના સમજ્યામાં આવ્યું નહિ.'

પછી શ્રીજી મહારાજ કપિલ મુનિના સાંખ્યશાસ્ત્રની વાત કરે છે. કપિલમુનિએ જીવ ને ઈશ્વરને ચોવીસ તત્વ ભેળા જ ગણ્યા છે અને પંચવીસમા પરમાત્માને કહ્યા છે.

પછી શ્રીજી મહારાજ આચાર્ય હિરણ્યગર્ભ ઋષિ રચિત યોગશાસ્ત્રની વાત કરે છે. યોગશાસ્ત્રમાં ચોવીસ તત્વ કહીને પંચવીસમો જીવને કહ્યો છે તેમજ પંચવીસમા ઈશ્વરને કહ્યા છે અને પરમાત્માને છવીસમા કહ્યા છે. એવી રીતે પરમાત્માના સ્વરૂપનું બેય શાસ્ત્ર વતે અનુમાન પ્રમાણે કરીને જ્ઞાન થયું.

પછી વાસુદેવ ભગવાને પોતે પંચરાત્ર નામે તંત્ર કર્યું અને તેમાં પુરુષોત્તમની સાકાર મૂર્તિનું પ્રતિપાદન કર્યું.

શ્રીજી મહારાજ કહે છે, ત્યારબાદ નારદજીએ પંચરાત્ર તંત્રને ફરીને કર્યું ત્યારે તે નારદ પંચરાત્ર કહેવાયું. તેને વિશે એવી રીતે ભગવાનના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું જે કોઈ રીતે સંશય રહ્યો નહિ. ત્યારબાદ શ્રીજી મહારાજ શ્રીમદ્ભાગવતના ઉપરોક્ત શ્લોક ટાંકે છે.

આમ ચાર શાસ્ત્રોએ કરીને ભગવાનના સ્વરૂપને સમજે તે પૂરો જ્ઞાની કહેવાય.

### શ્રીમદ્ ભાગવત્ / વચનામૃત વડતાલ ૧૨ : વૃક્ષ પણ પરમપદનું અધિકારી

શ્રીજી મહારાજે વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણના દરબારમાં સં. ૧૮૮૨ પોષ સુદ બેના

રોજ થોડાંક કૃપા વાક્યો કહી, 'ધન્ય વૃંદાવનવાસી વડની છાયા રે જ્યાં હરિ બેસતા' એ કીર્તન ગવડાવ્યું.

કીર્તન પૂરું થયું એટલે શ્રીજી મહારાજ બોલ્યા કે, 'એવી રીતે શ્રીકૃષ્ણ ભગવાને પણ ભાગવતમાં કહ્યું છે જે'

अहो अमी देवरामरार्चितं पादांबुजं ते सुमनःफलार्हणम् ।
नमन्त्युपादाय शिखाभिरात्मनस्तमाहपहत्यै तरुजन्म यत्कृतम् ॥

(ભાગ., દશમ સ્કંધ, અ.૧૧, શ્લો.૫)

'એમ પરમેશ્વરના યોગને પામીને વૃક્ષનો જન્મ હોય તે પણ કૃતાર્થ થાય છે. માટે જે વૃક્ષ તળે ભગવાન બેઠા હોય તે વૃક્ષને પણ પરમપદનું અધિકારી જાણવું.'

## શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધ - વચનામૃત સારંગપુર ૭ : વાત નૈમિષારણ્ય ક્ષેત્રની

શ્રીજી મહારાજે સારંગપુર ખાતે જીવા ખાચરના દરબારમાં સં. ૧૮૭૭ના શ્રાવણ વદિ એકાદશીની રાત્રે શ્રીમદ્ ભાગવત પુરાણના પ્રથમ સ્કંધની કથા વંચાવવાનો પ્રારંભ કર્યો હતો. તેમાં એમ વાર્તા આવી જે, જ્યાં મનોમય ચક્રની ધારા કુંઠિત થાય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું.

આ સાંભળીને મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, 'હે મહારાજ! એ મનોમય ચક્ર તે શું છે ને એની ધારા એ શી સમજવી?'

શ્રીજી મહારાજે જવાબ આપતાં સમજાવ્યું કે, 'મનોમય ચક્ર તે મનને જાણવું અને એની ધારા તે દશ ઈન્દ્રિયો છે એમ જાણવું એને તે ઈન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બુઠ્ઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિન દિન પ્રત્યે વૃધ્ધિ પામે એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણું જાણવું અને જ્યારે મનોમય ચક્રની ઈન્દ્રિયો રૂપ જે ધારા તે બુઠ્ઠી થઈ જાય ત્યારે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષયને વિષે ક્યાંઈ પ્રીતિ રહે નહિ અને જ્યારે કોઈ રૂપવાન સ્ત્રી દેખાય અથવા વસ્ત્ર અલંકારાદિક અતિ સુંદર પદાર્થ દેખાય ત્યારે મુળગો તેના મનમાં અતિશય અભાવ આવે પણ તેમાં ઈન્દ્રિયોની વૃત્તિ જઈને ચોટે નહિ. જેમ અતિ તીખી અણીવાળું બાણ હોય તે જે પદાર્થમાં ચોંટાડે તે પદાર્થને વિંધિને માંહિ પ્રવેશ કરી જાય છે અને પાછું કાઢ્યું પણ નિસરે નહિ અને તેના તે બાણમાંથી ફળ કાઢી લીધું હોય ને પછી થોથું રહ્યું હોય તેનો ભીંતમાં ઘા કરે તો ત્યાંથી ઉથડકીને પાછું પડે છે પણ જેમ ફળ સોતું ભીંતને વિષે ચોંટી જાય છે તેમ ચોંટે નહિ, તેમ જ્યારે મનોમય ચક્રની ધારા જે ઈન્દ્રિયો તે બુઠ્ઠીયો થઈ જાય ત્યારે ગમે તેવો શ્રેષ્ઠ વિષય હોય તેમાં પણ ઈન્દ્રિયોની વૃત્તિ ચોંટે નહિ અને થોથાની પેઠે ઈન્દ્રિયોની વૃત્તિઓ પાછી હઠે, એવું વર્તાય ત્યારે જાણીએ જે મનોમય ચક્રની ધારા કુંઠિત થઈ ગઈ. એવું સંતના સમાગમ રૂપી કલ્યાણને નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઈચ્છવું અને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું.'

અહીં શ્રીજી મહારાજે અધ્યાત્મ અર્થમાં નૈમિષારણ્ય ક્ષેત્રની ચર્ચા કરી છે. અધ્યાત્મ નૈમિષારણ્ય એટલે મનોમય ચક્ર. મન અને તેની ધારા એટલે ઈન્દ્રિયો છે. પુરાણની કથા એવી છે કે, બ્રહ્માજીએ ઋષિને આપેલું ચક્ર નૈમિષારણ્ય ક્ષેત્ર પ્રદેશમાં આવીને ઘસાઈને બુઠ્ઠું થઈ ગયેલું હતું તેથી ત્યાં સ્થિર થઈ ગયું. તેમ મનોમય ચક્રની ઈન્દ્રિયોરૂપ ધારા ક્યાં બુઠી થાય છે? તે જાણવું જરૂરી છે. તો તે સતપુરુષના સંગમાં જ બુઠ્ઠી થાય છે. તેથી જે સ્થાનમાં ભગવાનના સત્પુરુષો રહેલા હોય તે સ્થાનને અધ્યાત્મ અર્થમાં સાચું નૈમિષારણ્ય ગણવું જોઈએ.

હવે શ્રીમદ્ ભાગવતની વાત ટૂંકમાં જોઈએ. ભાગવતના પ્રથમ સ્કંધમાં નૈમિષારણ્ય ક્ષેત્રમાં સુત પુરાણી સનકાદિક ઋષિઓને ભાગવતની કથા કરે છે. સનકાદિક ઋષિઓએ બ્રહ્માજીને પ્રાર્થના કરેલી છે. અમારે હજાર વર્ષનો સત્ર કરવો છે. તેને માટે ઉત્તમ સ્થાન બતાવો. ત્યારે બ્રહ્માજીએ તેમને એક ચક્ર આપ્યું અને જણાવ્યું કે, એ ચક્ર જ્યાં સ્થિર થાય તે સ્થાનમાં સત્ર કરશો. તેથી ઋષિઓ ચક્રની પાછળ ચાલ્યા. તે ચક્ર જ્યાં સ્થિર થયું તે નૈમિષારણ્ય ક્ષેત્રના નામથી ઓળખાય છે.

પુરાણી દેવપ્રસાદદાસજી સ્વામીના મતે, આ નૈમિષારણ્ય ક્ષેત્ર ઉત્તર પ્રદેશના સીતાપુર શહેરની બાજુમાં આવેલું છે અને પ્રાચીન તીર્થ તરીકે પ્રખ્યાત છે. (વચનામૃત ચિંતન, સારંગપુર- કારિયાણી-લોયા-પંચાળા, પૃ.૩૧)

## શ્રીમદ્ ભાગવત / વચનામૃત (સારંગપુર ૧૬) : ભગવાન તપ શાના અર્થે કરે?

પરમાનંદ સ્વામી એક પ્રશ્ન પૂછે છે, 'શ્રીમદ્ ભાગવત્માં કહ્યું છે કે, શ્રી નરનારાયણ ઋષિ જે તે બદરિકાશ્રમમાં રહ્યા થકા આ ભરતખંડના સર્વે મનુષ્યનાં કલ્યાણને અર્થે તપને કરે છે. ત્યારે સર્વે મનુષ્ય કલ્યાણના માર્ગને વિષે કેમ નથી પ્રવર્તતા?' (ભાગ, ૫/૧૯/૯)

શ્રીજી મહારાજે પરમાનંદ સ્વામીને કહ્યું કે, એનો ઉત્તર તો શ્રીમદ્ ભાગવતના પંચમ સ્કંધને વિષે છે જ. શ્રીજી મહારાજે સમજાવ્યું, 'એ ભગવાન (શ્રી નરનારાયણ ઋષિ) તપ કરે છે તે તો પોતાના ભક્તને અર્થે કરે છે. પણ અભક્તને અર્થે નથી કરતા.'

ભગવાનના જે ભક્ત તેનું કલ્યાણ કેવી રીતે થાય છે એ વાતની પણ શ્રીજી મહારાજે વિગતે સ્પષ્ટતા કરે છે. કહે છે, 'આ ભરતખંડને વિષે અતિશય દુર્લભ એવો જે મનુષ્ય દેહ તેને જાણીને જે જન ભગવાનના શરણને પામે છે ને ભગવાનની ભક્તિ કરે છે તે જનના અનુગ્રહને અર્થે ........શ્રી નરનારાયણ ભગવાન તે જે તે કૃપાએ કરીને મોટું તપ કરે છે.' આ નરનારાયણદેવનું તપ 'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઉપશમ, ઐશ્વર્યયુક્ત છે. આ ભગવાન આ જગતને રાત્રિપ્રલય (નિમિત્ત પ્રલય) થાય ત્યાં સુધી બદરિકાશ્રમને વિષે રહ્યા છે. ભરતખંડને વિષે રહેલા અન્ય ધર્મજ્ઞાનાદિક ગુણયુક્ત ભક્તજન હોય તે ભગવાનના ગુણયુક્ત તપને પ્રતાપે કહીને થોડાક કાળમાં જ અતિશય વૃધ્ધિને પામે છે અને પછી તે ભક્તજનના હૃદયને વિષે ભગવાનની ઈચ્છાએ કરીને જણાતું જે અક્ષરબ્રહ્મમય એવું તેજ તેને વિષે સાક્ષાત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું દર્શન થાય છે. એવી રીતે જે પોતાના ભક્ત છે તેમનું તે ભગવાનના તપે કરીને નિર્વિઘ્ન કલ્યાણ થાય છે.'

### શ્રીમદ્ ભાગવત/ વચનામૃત કારિયાણી ૧: માયિક ઈન્દ્રિયોનું સર્જન કેમ?

ચૈતન્યાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને એક પ્રશ્ન પૂછ્યો, 'હે મહારાજ ! ભગવાન તો મન-વાણી થકી પર છે અને ગુણાતીત છે તેને માયિક એવાં જે ઈન્દ્રિયો-અંતઃકરણ તે કેમ પામે?'

શ્રીજી મહારાજે કહ્યું, 'એનો એમ ઉત્તર છે જે, એવા જે ભગવાન તેને આ જગતની ઉત્પત્તિ અને સ્થિતિનું કરવું છે તે કાંઈ પોતાને અર્થે નથી.' એમ કહી શ્રીજી મહારાજે શ્રીમદ્ ભાગવતનો એક શ્લોક ટાંક્યોઃ

बुद्धीन्द्रियमनः प्राणान् जनानामसृजत्प्रभुः।
मात्रार्थं च भवार्थं च ह्यात्मनेऽकल्पनाय च ॥

(દશમ સ્કંધ, અ.૮૭, શ્લોક-૨)

'સર્વે જનનાં બુધ્ધિ, ઈન્દ્રિયો, મન અને પ્રાણ તેને ભગવાન જેતે સૃજતા હવા. તે જીવને વિષયભોગને અર્થે તથા જન્મને અર્થે તથા લોકાંતરમાં જવાને અર્થે તથા મોક્ષને અર્થે સૃજ્યાં છે.'

### શ્રીમદ્ ભાગવત/ વચનામૃત કારિયાણી ૧૧: ગોપીઓની ભગવાનને વિષે પ્રીતિ

'વચનામૃત' માં (કારિયાણી ૧૧) સચ્ચિદાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો, 'ભગવાનને વિષે પ્રીતિ હોય તેનાં શાં લક્ષણ છે?' શ્રીજી મહારાજે શ્રીમદ્ ભાગવતમાં ગોપીઓએ શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યે જે રીતે પ્રીતિ રાખી તે જણાવી ભગવાન પ્રત્યેની પ્રીતિનાં લક્ષણ ગણાવ્યાં.

શ્રીજી મહારાજે ભગવાન પ્રત્યે પ્રીતિનું લક્ષણ સમજાવતાં કહ્યું કે, 'જેને પોતાના પ્રિયતમ જે ભગવાન તેને વિષે પ્રીતિ હોય તે પોતાના પ્રિયતમની મરજીને લોપે નહિ એ પ્રીતિનું લક્ષણ છે.'

આ સંદર્ભે શ્રીજી મહારાજ ગોપીઓની પ્રીતિનાં ઉદાહરણ આપે છે. શ્રીજી મહારાજ કહે છે, 'જો ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાન વિષે પ્રીતિ હતી તો જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન મથુરા જવા તૈયાર થયા ત્યારે ગોપીઓ સર્વે મળીને એમ વિચાર કર્યો જે, આપણે કુટુંબની તથા લોકની લાજનો ત્યાગ કરીને ભગવાનને જોરાઈએ રાખીશું. પછી ચાલ્યા સમે શ્રીકૃષ્ણ ભગવાનનાં નેત્ર સામે જોયું ત્યારે ભગવાનને રહ્યાની મરજી દેખી નહિ ત્યારે સર્વે ડરીને છેટે રહીઓ અને અંતરમાં એમ બીનીઓ જે, જો આપણે ભગવાનના ગમતામાં નહિ રહીએ તો ભગવાનને આપણા ઉપરથી હેત ઉતરી જશે. એમ વિચારીને કોઈ કહી શકીઓ નહિ. પછી ભગવાન મથુરા પધાર્યા ત્યારે પણ ત્રણ ગાઉ ઉપર ભગવાન હતા તો પણ ગોપીઓ કોઈ દિવસ મરજીને લોપીને દર્શને ગઈ નહિ અને ગોપીઓએ એમ જાણ્યું જે, ભગવાનની મરજી વિના જો આપણે મથૂરા જઈશું તો ભગવાનને આપણા ઉપર હેત છે તે ટળી જશે. માટે હેતનું એ જ રૂપ છે, જેને જે સાથે હેત હોય તે તેની મરજી પ્રમાણે રહે અને જો પોતાના પ્રિયતમને પાસે રહ્યે રાજી જાણે તો પાસે રહે અને જો પોતાના પ્રિયતમને છેટે રહ્યે રાજી જાણે તો છેટે રહે; પણ કોઈ રીતે પોતાના પ્રિયતમની આજ્ઞાને લોપે નહિ એ પ્રેમનું લક્ષણ છે. જો ગોપીઓને ભગવાનને વિષે સાચો પ્રેમ હતો તો આજ્ઞા વિના ભગવાનને કુરુક્ષેત્રમાં તેડી ત્યારે ભગવાનના દર્શન કર્યાં પણ કોઈ રીતે ભગવાનના વચનનો ભંગ કર્યો નહિ.'

શ્રીજી મહારાજ ગોપીઓનું ઉદાહરણ આપી ભારપૂર્વક કહે છે, 'માટે જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ, જે ભગવાનનું ગમતું હોય તેમજ રહે એ પ્રીતિનું લક્ષણ છે.'

**શ્રીમદ્ ભાગવત્(એકાદશ સ્કંધ) /વચનામૃત લોયા ૧૦ : માયા સુખદાયી કે દુઃખદાયી?**

શ્રીજી મહારાજે વચનામૃત (લોયા ૧૦) માં પ્રશ્ન પૂછ્યો કે, 'માયામાં તે કેવળ દુઃખ છે કે સુખ પણ કંઈક છે?' મુક્તાનંદ સ્વામીએ જવાબમાં કહ્યું, 'માયા તો કેવળ દુઃખદાયી છે.'

શ્રીજી મહારાજ બોલ્યા જે, 'માયામાંથી ઊપજ્યા એવા જે સત્વ, રજ ને તમ; એ ત્રણ ગુણ, તેંમાં જે સત્વ છે તે તો સુખરૂપ કહેવાય છે. વળી, શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે જે, 'सत्त्वं यद्ब्रह्मदर्शनम्' તથા સત્વગુણની સંપત્તિ તે જ્ઞાન, વૈરાગ્ય, વિવેક, શમદમાદિક છે એવી જે માયા તે કેવી રીતે દુઃખદાયી છે?'

શ્રીજી મહારાજ આ જ વાતને પુષ્ટ કરવા એકાદશ સ્કંધમાં જે કહેવાયું છે તેનો ઉલ્લેખ કરે છેઃ 'विद्याविद्ये ममतनू विद्ध्युद्धव शरीरिणाम् । बन्धमोक्षकरी आद्ये मायया मे विनिर्मिते ॥' અને પૂછે છે - માટે મોક્ષને કરે એવી જે વિદ્યારૂપ માયા તે કેવી રીતે દુઃખદાયી છે?

શ્રીજી મહારાજના આ પ્રશ્નનો ઉત્તર કોઈ સંતે ન આપ્યો તેથી શ્રીજી મહારાજે જણાવ્યું કે, 'જેમ યમરાજાનું જે રૂપ તે પાપી જીવને અતિ ભયાનક વિકરાળ જણાય છે, તથા મોટા મોટા દાંત ને મોટું મુખ ભયાનક દેખાય છે તથા કાજળ જેવું કાળું ને પર્વત જેવું મોટું અને કાળ જેવું ભયાનક એવું દુઃખરૂપ દેખાય છે. અને પુણ્યવાળા જે જીવ તેને તો તે યમરાજાનું રૂપ અતિશય સુખદાયી, વિષ્ણુના જેવું જણાય છે, તેમ માયા છે તે જે ભગવાનથી વિમુખ છે તેને તો અતિ દુઃખદાયી છે અને જે ભગવાનના ભક્ત છે તેને તો એ માયા અતિશય સુખદાયી છે અને માયાનાં કાર્ય જે ઈન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા, તે સર્વે ભગવાનની ભક્તિને અતિ પુષ્ટ કરે છે. માટે ભગવાનના ભક્તને તો માયા દુઃખદાયી નથી, પરમ સુખદાયી છે.'

